Join Today... Varsha Patel's
Vadodara's Best
SINCE 1995
VARIANT
COOKING CLASSES
Certificate Course
15 Variety Cooking Classes
D/601, Smrudhi Satvik, Danteswar
M: 9426326389

|| આય વલો અસાંજો વતન, મૂંજી માતૃભૂમિ કે નમન ||

Fortnightly E-Magazine

વડોદરાના કચ્છીઓનું

# સમાજ-દર્શન

પખવાડિક ઈ-મેગેઝિન

વર્ષ: ૨ • અંક: ૨૩ • સળંગ અંક: ૪૭ • ૨૫ માર્ચ ૨૦૨૬, બુધવાર • કુલ પાનાં: ૧૨ • કિંમત: નિ:શુલ્ક

Vadodarana Kutchionu Samaj Darshan • Mob: 9377124582 • Email: samajdarshan.mail@gmail.com

આપના મોબાઈલ પર આ અંકો નિયમિતરૂપે મેળવવા ગ્રુપ જોઈન કરવા અહીં ક્લિક કરો.







## વડોદરામાં શ્રી ક.દ.ઓ.જૈન સમાજમાં વિવિધ કાર્યક્રમો

### વર્ષીતપના તપસ્વીઓ દ્વારા કાર્યક્રમ

અચલગચ્છાચાર્ય પ.પૂ.શ્રી કવિન્દ્રસાગર સૂરીશ્વરજી મ.સા.ના ૨૫મા (રજત) વર્ષીતપના ઉપક્રમે પ.પૂ.સા. શ્રી અમિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી વડોદરા સમાજના ૧૪ આરાધકોએ સમુહ વર્ષીતપ કરેલ છે તેમના તરફથી રવિવાર તા.૮.૩.૨૦૨૬ના શુભ દિને શ્રી આદિનાથ પંચ કલ્યાણક પૂજાનું આયોજન કરાયેલ જે શ્રી ક.દ.ઓ. વિમલ જૈન મહિલા મંડળ ભણાવી હતી. આ પ્રસંગે તેમની શાતા પૂછવા જ્ઞાતિજનોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. બપોરે સ્વામિ ભક્તિનું આયોજન આરાધકોના સૌજન્યથી કરવામાં આવેલ.

### વર્ષીતપના પારણાંનો આગામી અખા ત્રીજના આયોજિત ભવ્ય કાર્યક્રમ

વડોદરા ક.દ.ઓ. જૈન સમાજમાં ૧૪ આરાધકોએ કરેલ સમુહ વર્ષીતપની પૂર્ણાહુતિ આગામી અખાત્રીજ, શુક્રવાર તા.૧૭મી એપ્રિલના રોજ થશે. આ પ્રસંગે સમાજ તરફથી ત્રણ દિવસીય ત્રિહ્નિકા મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે.

આ પ્રસંગે શ્રી શત્રુંજય ભાવયાત્રા, મહેંદી રસમ, તપસ્વીઓની શોભાયાત્રા, શ્રી ભક્તામર મહાપૂજન સહ અનેક કાર્યક્રમો સાથે ઈક્ષુરસથી પારણા કરાવવામાં આવશે.

આ ત્રિહ્નિકા મહોત્સવની આમંત્રણ પત્રિકા પર કંકુ-છાંટણા કરીને તેને વધાવવાનો કાર્યક્રમ રવિવાર તા.૧૫.૩.૨૦૨૬ના રોજ આયોજિત કરાયેલ જેમાં મોટી સંખ્યામાં હાજરી રહી હતી.

### આગામી કાર્યક્રમો

શ્રી ક.દ.ઓ.જૈન સમાજ, વડોદરામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ નવપદજીની ઓળીની આરાધના કરવામાં આવશે. આ વર્ષે મંગળવાર તા.૨૪.૩.૨૬ થી બુધવાર તા.૧.૪.૨૬ સુધી આ આરાધના કરાવવામાં આવશે તેનો લાભ શ્રી જેચંદ દામજી લોડાયા પરિવાર (જખૌ) એ લીધો છે. આ પ્રસંગે રોજ આયંબિલની વ્યવસ્થા સમાજના માતુશ્રી રતનબેન કાંતિલાલ મોતા કે.ડી.ઓ. ભવન ખાતે કરવામાં આવેલ છે.

સમાજના શ્રી ભલારાદાદાના ભાવિક પરિવારજનો તરફથી ૩૩મો સમુહ પાઠ ચૈત્રી બીજને શુક્રવાર તા.૨૦.૩.૨૦૨૬ના રાખવામાં આવેલ છે.







# ચૈત્ર નવરાત્રી



નવરાત્રિનો તહેવાર એટલે દેવી દુર્ગાને સમર્પિત તહેવાર જે વર્ષમાં કુલ ચાર વખત આવે છે. આ ચાર નવરાત્રીના નામ આ પ્રમાણે છે : મહા, અષાઢ, ચૈત્ર અને આસો નવરાત્રી.

નવરાત્રિ દરમિયાન દેવી શક્તિના નવ જુદા જુદા સ્વરૂપોની પૂજા કરવામાં આવે છે. ચૈત્ર નવરાત્રીથી ઉનાળાની શરૂઆત થાય છે એમ મનાય છે. પ્રકૃતિ એક નોંધપાત્ર આબોહવાના પરિવર્તનમાંથી પસાર થાય છે. ચૈત્ર મહિનાની પહેલી તિથિથી શ-થતી નવરાત્રિ નવમી તિથિએ પૂરી થાય છે આ છેલ્લો દિવસ ભગવાન શ્રીરામના જન્મદિવસ રામ નવમી તરીકે પણ ઉજવવામાં આવે છે. આ નવ દિવસો દરમિયાન અનેક પ્રકારની ધાર્મિક વિધિઓ અને અનુષ્ઠાન કરવામાં આવે છે.

ચૈત્ર નવરાત્રિનો પ્રથમ દિવસે ઘટસ્થાપન અથવા કળશની સ્થાપના કર્યા પછી દેવી શક્તિના પ્રથમ સ્વરૂપ માતા શૈલપુત્રીની પૂજા કરવાની પરંપરા છે. ત્યારબાદ માના આ સ્વરૂપોની પૂજા થાય છે. મા શૈલપુત્રી (પ્રતિપદા), મા બ્રહ્મચારિણી (દ્વિતીયા), મા ચંદ્રઘંટા (તૃતીયા), મા કુષ્માંડા (ચતુર્થી), મા સ્કંદમાતા (પંચમી), મા કાત્યાયની (ષષ્ઠી), મા કાલરાત્રી (સપ્તમી), મા મહાગૌરી (અષ્ટમી), મા સિદ્ધિદાત્રી (નવમી)

એક માન્યતા અનુસાર, ભગવાન બ્રહ્માએ આ મહિનાની શુક્લ પ્રતિપદાથી સૃષ્ટિની રચનાની શરૂઆત કરી હતી અને આ દિવસે સૂર્ય વિશ્વમાં પ્રથમ વખત ઉગ્યો હતો. તેથી જ ગુડી પડવા (ત્રીમશ ડ્ફમફ્)ને વિશ્વનો પ્રથમ દિવસ પણ માનવામાં આવે છે. નવું હિન્દુ વર્ષ વિક્રમ સંવત ચૈત્ર શુક્લ પક્ષની પડવા કે એકમથી શરૂ થાય છે. આ નવા વર્ષની શરૂઆતને પંજાબમાં બૈસાખી, મહારાષ્ટ્રમાં ગુડી પડવા, સિંધમાં ચેટીચાંદ, કેરળમાં વિશુ, આસામમાં બિહુ અને જમ્મુ અને કાશ્મીરમાં નવરેહ તરીકે ઉજવવામાં આવે છે.

ઈરાનમાં આ દિવસને નૌરોઝ એટલે કે નવા વર્ષ તરીકે ઉજવવામાં આવે છે. આંધ્રમાં આ દિવસને ઉગાદી નામના તહેવાર તરીકે ઉજવવામાં આવે છે, જેનો અર્થ છે યુગની શરૂઆત.

ભગવાન વિષ્ણુએ આજ દિવસે માછલી સ્વરૂપે મત્સ્યાવતાર લઈને બ્રહ્માંડના તમામ જીવોને પ્રલયથી બચાવ્યા હતા એમ મનાય છે.

ચૈત્ર મહિનાથી હવામાન બદલાવા લાગે છે. ખાનપાન અને જીવનશૈલીમાં પરિવર્તન આવે છે. વધુ પાણી પીવું પડે છે અને સરળતાથી સુપાચ્ય વસ્તુઓ ખાવા-પીવામાં આવે છે. આ માસમાં લીમડાના પાનના સેવનનું વિશેષ મહત્વ છે તે ખાવાથી શરીરમાં વહેતું લોહી શુદ્ધ થાય છે અને વ્યક્તિને ઘણી બીમારીઓથી બચાવે છે.

મહારાષ્ટ્રમાં આ દિવસને ગુડી પડવા તરીકે ઉજવવામાં આવે છે. જેમાં મરાઠી લોકો આ દિવસે ગુડી બનાવવા માટે પિત્તળના વાસણને થાંભલા પર ઊંધું રાખી તેને ઘેરા રંગના રેશમી કાપડ અને ફૂલોની માળા ને અશોકના પાંદડાથી શણગારે છે. ગુડીને બ્રહ્મધ્વજ પણ કહેવાય છે.

વિશેષ : છેલ્લા વીસ-બાવીસ વર્ષથી ગુડી પડવાના દિવસે મુંબઈના ગિરગામ વિસ્તારમાં મહારાષ્ટ્રની અસ્મિતાને ઉજાગર




કરતાં અઢળક આકર્ષણોના મેળાવડા જેવો વરઘોડો નીકળે છે જે જોવા જેવી ઈવેન્ટ છે. પચાસથી વધુ રથ અને ડેકોરેટ કરેલી ટ્રક, નવવારી સાડીમાં બાઇક-બુલેટ ચલાવતી મહિલાઓ, લેજીમ ડાન્સ, ઢોલ-તાશા, મલખંભનું પ્રદર્શન જેવાં અનેક આકર્ષણો હોય છે. આ શોભાયાત્રામાં મુંબઈની અનેક સાંસ્કૃતિક સંસ્થાઓ ભાગ લે છે. શોભાયાત્રા જ્યાંથી પસાર થવાની છે એ આખો વિસ્તાર રંગોળી, તોરણો અને આસપાસના મકાનો ગુડી, તોરણોથી સજાવેલાં હોય છે.

(સંદર્ભ : સ્વામી સદાનંદ (મનોજ ઇન્દ્રવદન આચાર્ય - શ્રી સિધ્ધ ગાયત્રી શક્તિપીઠ, રાજકોટ), મિડ ડે ગુજરાતી)



હાર્દિક શુભેચ્છાઓ સહ
રામજીભાઈ કેસરીયા
MICROFINE PRODUCTS
Mfg. of :
Bushes, Dowel Pins, Precision Components.
CNC Turned and Ground Shafts
797, GIDC Industrial Estate, Makarpura, Vadodara - 390010. GUJ.
Email : microfineproducts@gmail.com, microfineproducts@yahoo.com
Mob: +91 85111 63773

વડોદરાના કચ્છીઓનું
સમાજ-દર્શન
બે વર્ષની સાહિત્યીક સફર...
આગામી અંક
કવિતા વિશેષાંક
કચ્છી કવિઓને તેમની ગમતી
સ્વલિખિત રચનાઓ મોકલવા
સ્નેહભર્યું આમંત્રણ છે...
આપના સહકારની અપેક્ષા છે.

વડોદરાના કચ્છીઓનું
સમાજ-દર્શન
કચ્છી સાહિત્ય
તથા કચ્છની
અનોખી માહિતી
સાથે
ગુજરાતીમાં
સંસ્કારી સાહિત્યની
સિલેક્ટેડ કૃતિઓનો
અદભૂત ખજાનો
આપના
મોબાઈલ
પર
નિયમિત
ધોરણે
અંકો
મેળવવા
અહીં ક્લિક કરો


Rajmani 10

5BHK LUXURIOUS VILLA



***Truly a stately Lifestyle***

***Ultimate LUXURY awaits YOU***

***A stylish dream home with comfort & elegance.***

***Value added amenities***

B/h. Imperia Complex, Nr. Gotri Police Station, Gotri, Vadodara 390021

**Nagda Developers Pvt. Ltd.** • M.: 9375776943 | 8980645180

RAJMANI RESIDENCY

3BHK LUXURIOUS FLATS




Fine Homes, Luxurious Lifestyle

A world of happiness created for you & your family

Spacious layouts with crafted amenities

B/h. Vakratund Palm, Nr. Nilkanth Heights, Sevasi TP 1 Canal Road, Vadodara 391101

**Nagda Developers Pvt. Ltd.** • M.: 9375776943 | 8980645180

# વિશ્વના ૬ ફેમસ મૂર્ખ યુદ્ધ

હાલમાં ઇરાન-અમેરીકા-ઇઝરાયલ વચ્ચે એક મોટું યુદ્ધ ચાલી રહેલ છે. આ યુદ્ધની શરૂઆત કોણે અને કેમ કરી તે બધા માટે ચર્ચાનો વિષય થઇ પડ્યો છે. તેનું કારણ અમેરીકન પ્રમુખના વિચિત્ર નિવેદનો ને કાર્યોને બધા નિમિત્ત ગણે છે. એમના તઘલખી નિર્ણયોને કારણે વિશ્વને ઘણું ભોગવવાનું આવશે.

પરંતુ આવા અનેક યુદ્ધો આ વિશ્વની ધરતી પર લડાયા છે તેની આજે વાત કરીએ. આ યુદ્ધ તો ખનીજ તેલ તથા અમેરીકાની દાદાગીરીને કારણે લડાઇ રહેલ છે પણ ઇતિહાસના સૌથી મૂર્ખ યુદ્ધોમાંના કેટલાક તો એવા વિચિત્ર વિષયો પર લડાયા હતા જે જાણીને તમે પર ચોંકી જશો. તો ચાલો જોઇએ વિશ્વના ૬ ફેમસ મૂર્ખ યુદ્ધો.

## જેનકિન્સનના કાનનું યુદ્ધ

૧૭૦૦માં સ્પેન પણ એક મજબૂત રાષ્ટ્ર હતું. ત્યારે બ્રિટન અને સ્પેન વચ્ચે થયેલ કરાર અનુસાર બ્રિટિશરો સ્પેન સાથે વાર્ષિક ૫૦૦ ટન માલસામાનનો વેપાર કરી શકતા હતા જેમાં ગુલામોનો વેપાર પણ થતો. આના માટે સપેન તરફથી 'ગાર્ડા કોસ્ટા' નામક સ્પેશીયલ પેટ્રોલિંગ ફોર્સ બ્રિટીશ જહાજોને ચેક કરતી કોઇ દાણચોરી ન થાય તેની ખાતરી કરતી. પણ ત્યાં થોડી દાણચોરી થતી હતી જેને પકડી પાડી 'ગાર્ડા કોસ્ટા' તેમના સામાનની ચોરી જતા, ક્રૂ સભ્યોને મારતા.

આવી એક ઘટનામાં જહાજ રેબેકાના કેપ્ટન જેનકિન્સન ફસાયા. તેમના પર પર સ્પેનિશ વસાહતોમાંથી ખાંડ લેવાનો આરોપ મુકાયો, સજામાં તેમનો ડાબા કાન કાપી નાખ્યો, તેમના જહાજના નેવિગેશન સાધનો ઉપાડી ગયા જેથી તેમને તારાઓને જોઇને પાછા ફરવાનો રસ્તો શોધવો પડ્યો. જેનકિન્સે વર્ષો સુધી આનો બદલો લેવાની માગણી કરી. પણ બ્રિટિશ અધિકારીઓએ તેમનો બદલો લેવાને બદલે વેપાર ચાલુ રાખ્યો. કહેવાય છે કે તે હંમેશા તેમના કાપેલા કાનને સાથે રાખતા અને મોકો મળતા બધાને તેમની વાર્તા સંભળાવતા.

ત્યારબાદ છેક ૧૭૩૮માં તેમને 'ન્યાય' મળ્યો. એક નવા કરાર અનુસાર બ્રિટનને 'ગાર્ડા કોસ્ટા' દ્વારા થતા નુકશાન પેટે માત્ર થોડું નાણાકીય વળતર મળતું થતાં હવે બદલો લેવા લોકો સ્પેનને પાઠ ભણાવવા ઇચ્છતા હતા અને ત્યારે જેનકિન્સને કાન સાથે બ્રિટીશ સંસદમાં તેમના કાપેલા કાનનું પ્રદર્શન કરી તેમની વાર્તા સંભળાવતા અંગ્રેજોને સ્પેન પર આક્રમણ કરવાનું જાણે સજ્જડ બહાનું મળી ગયું.

અંગ્રેજોએ ઝડપથી પનામામાં સ્પેનનું પોર્ટો બેલોને કબજે કર્યો પરંતુ યુદ્ધ વધુ તિવ્ર બને તે પહેલા ૧૭૪૨માં ઓસ્ટ્રિયને મધ્યસ્થી કરીને બંને પક્ષોને સમજાવીને ૧૭૪૮માં અશâ-હફ-ઈવફાયહહય ની સંધિ હેઠળ યુદ્ધ સમાપ્ત થયું.

## લૉબસ્ટર યુદ્ધ

લોબસ્ટર યુદ્ધ તરીકે જાણીતી ઘટના ૧૯૬૧માં બ્રાઝિલ અને ફ્રાન્સ વચ્ચે બની. લોબસ્ટર નામક દરિયાઇ જીવ તરે છે કે ઘસડીને ચાલે છે તે બાબતે ચર્ચા હતી.

૧૯૬૧માં કેટલાક ફ્રેન્ચ માછીમારો મોરોક્કોમાં કોઇ અભિયાન પર હતા અને તેઓ ત્યાં ક્રસ્ટેશિયન્સ (એટલે કે કવચવાળા દરીયાઇ જીવો જેવા કે કરચલા, લોબસ્ટર, કાચબા વિગેરે) વીશે સંશોધન કરવા કે પકડવા બ્રાઝિલના પરનામ્બુકો તરફ ગયા. બ્રાઝિલના કાયદા મુજબ તેમના દરિયાના ૧૨ માઈલથી ઓછા અંતરે અન્ય કોઇ માટે માછીમારી પર પ્રતિબંધ હતું. આ ફ્રેન્ચ માછીમારોએ તેને માનવાનો ઇન્કાર કરતા કહ્યું કે લોબસ્ટર તરી રહ્યા હતા તેથી તેને કોઇપણ પકડી શકે છે જ્યારે બ્રાઝિલની દલીલ એવી હતી કે લોબસ્ટર તેમના સમુદ્રના તળીયે ચાલે છે, તરતા નથી તેથી તે બ્રાઝિલની મિલકત છે અને પ્રતિબંધિત છે.

માછીમારોને અટકાવવા બ્રાઝિલનું નૌકાદળ આવ્યું તો સામે તેમણે બેક-અપ માટે ફ્રેન્ચ સૈન્યને બોલાવ્યા. ફ્રાન્સના પ્રમુખ ચાર્લ્સ ડી ગોલે માછીમારો માટે વિનાશક-વર્ગના જહાજ મોકલ્યા તો બ્રાઝિલે તેને ભગાડવા માટે એરક્રાફ્ટ કેરિયર મોકલ્યું. ટૂંક સમયમાં જ એક ફ્રેન્ચ જહાજ કબજે કરવામાં આવ્યું અને બ્રાઝિલે આગ્રહ કર્યો કે કોઇપણ ફ્રેન્ચ માછીમારી જહાજ દરિયાકિનારે ૧૦૦ માઇલની અંદર ન આવે. જો કે આ લડાઇ પણ બહુ લાંબી ના ખેંચાઇ અને ૧૯૬૪માં બંને દેશ વચ્ચે સમજૂતી થતા બ્રાઝિલે તેના દરિયાકાંઠાના રક્ષણને ૨૦૦ માઇલ સુધી લંબાવ્યું અને સામે ફ્રેન્ચ માછીમારોને પાંચ વર્ષ સુધી લોબસ્ટર પકડવાની મંજૂરી આપી. આમ જોઇએ તો ટેકનીકલી બ્રાઝિલ સાચું હતું. લોબસ્ટર સામાન્ય રીતે સમુદ્રના તળીયે ઘસડાઇને ચાલે છે પણ તેમને ભય લાગે ત્યારે જ તરે છે.

## ધ પિગ વૉર

૧૫ જૂન, ૧૮૫૯ના રોજ, લાયમેન કટલર નામના ખેડૂતે વોશિંગ્ટનના દરિયાકિનારે સાન જુઆન ટાપુ પર એક ડુક્કરને ગોળી મારી હતી. સામાન્ય રીતે આ એક ખૂબ સામાન્ય ઘટના હતી. પરંતુ આ ટાપુની માલિકીને લઇ બ્રિટિશ અને યુ.એસ. વચ્ચે તણાવ ચાલી રહ્યો હતો તેમાં ત્યારે કટલેરે આ ડુક્કરને માર્યો. કટલર એક અમેરિકન હતો અને ડુક્કર એક પ્રકારનો બર્કશાયર ડુક્કર જે બ્રિટિશ હતું. તેને બ્રિટિશ ઘેટાંના ખેતરમાં રાખવામાં આવ્યો હતો પણ તે કટલરના ખેતરમાં ઘુસી ગયો હતો અને બગીચાને ખોદવાનું શરૂ કર્યું હતું જ્યારે તેણે ગોળી ખાધી હતી !

કટલેરે ડુક્કરના માલિક ચાર્લ્સ ગ્રિફીનને ભરપાઇ તરીકે ૧૦ ડોલર આપવાની ઓફર કરી તો ગ્રિફીન તરફથી જવાબ મળ્યો કે આ તો ઘા પર મીઠું છાંટે તેવી વાત છે આ પ્રાણીની કિંમત ૧૦૦ ડોલરથી વધુ છે. તેણે અંગ્રેજોને ફરિયાદ કરી અને પરિસ્થિતિ ખૂબ વણસી ગઇ. અંગ્રેજો કટલરની ધરપકડ કરવા દોડ્યા. તેઓ તો ટાપુ પરથી દરેક અમેરિકનને ત્યાંથી ફેંકી દેવા માંગતા હતા. આના પરિણામે ૯મી યુએસ પાયદળની કંપની બ્રિટિશ ઘેટાંના ફાર્મ નજીક બેઝ કેમ્પ સ્થાપવા માટે ટાપુ પર ધસી આવી. આ લશ્કરી અથડામણ ટાળવાની આશાએ, નજીકના વાનકુંવર ટાપુએ અમેરિકન હાજરીને ઘટાડવા અને તેમને બહાર કાઢવા માટે યુદ્ધ જહાજો મોકલ્યા. છતાંય જુનથી ઑગસ્ટના અંત સુધી ૪૬૧ અમેરિકન સૈનિકો ટાપુ પર રહ્યા.

છેવટે ઓક્ટોબરમાં, અમેરિકન લશ્કરી જનરલ વિનફિલ્ડ સ્કોટ અમેરીકન પ્રમુખના આદેશથી અહીં પહોંચ્યા અને તણાવ ઓછો કર્યો. છતાં પણ બંને પક્ષોની લશ્કરી હાજરી અહીં છેક ૧૨ વર્ષ સુધી રહી પછી સાન જુઆન આઇલેન્ડ યુ.એસ.ની મિલકત બની ગયું.

આ 'યુદ્ધ'માં ગોળી ચલાવવામાં આવી ન હોવા છતાં જાનહાનિ થઇ હતી. બંને પક્ષે માંદગી, આત્મહત્યા અને અકસ્માતોને કારણે અનેક સૈનિકો ગુમાવ્યા. એક બ્રિટિશ સૈનિકે તો હરણને બદલે ભૂલથી પોતાના ભાઇનો 'શિકાર' કરી નાખેલ.

## પેસ્ટ્રી યુદ્ધ

૧૮૨૮ માં, ફ્રેન્ચ પેસ્ટ્રી શોપના માલિક મોન્સિયર રેમોન્ટેલે ફ્રેન્ચ સરકારને ફરિયાદ કરી કે નશામાં ધૂત મેક્સીકન લશ્કરી અધિકારીઓએ તેની મેક્સિકો સિટીની બહાર આવેલ પેસ્ટ્રીની દુકાનમાં તોડફોડ કરી હતી.

આ વાત છેક ૧૮૩૭માં ફ્રાન્સના કિંગ લુઇસ ફિલિપ પહેલા સમક્ષ આવી. લુઇસ ફિલિપે મેક્સિકોને નુકશાની પેટે ૬૦૦,૦૦૦ પેસો ચુકવણીની માંગણી કરી જેને મેક્સિકોના પ્રમુખ એનાસ્તાસિયો બુસ્ટામાન્ટે વાય ઓસેગુએરાએ નકારી કાઢ્યો. પછી લુઇસ ફિલિપે વેરાક્રુઝના બંદર શહેર ખાતે યુદ્ધ જહાજો પાર્ક કરીને વાટાઘાટો શરૂ કરી. પણ તે ઓસેગુએરાને મનાવવામાં નિષ્ફળ ગયો, ત્યારે ફ્રાન્સે શહેરને કબજે કર્યું.

અહીં મેક્સિકોના ભૂતપૂર્વ પ્રમુખ એન્ટોનિયો લોપેઝ ડી સાન્ટા અન્નાનું આગમન થયું જેમણે ૧૮૩૫માં ટેક્સાસ ગુમાવ્યું ત્યારે લોકો તેમની વિરુદ્ધ થઇ ગયા હતા. આનું મૂળ કારણ એ હતું કે ત્યાંના કોર્પસ ક્રિસ્ટીના બંદરમાંથી મેક્સિકો માલની દાણચોરી કરતું હતું.

સાન્ટા અન્ના હવે લોક નાયક બન્યા અને ૧૮૪૨માં ફરીથી પ્રમુખ તરીકે ચૂંટાયા. બીજી તરફ મેક્સિકોએ હાર માનતા ફ્રાંસને બાકી નાણાં ચૂકવવા સંમત થયું. યુદ્ધ માત્ર ચાર મહિના ચાલ્યું.

અહીં પેસ્ટ્રી શોપમાં થયેલ તોડફોડ જેવા કારણને લીધે બે દેશો લડ્યા. એક તણખલામાંથી જાણે આગ લાગી. આ ઘટના મેક્સીકોમાં સ્પેનીશમાં **Guerra de los Pasteles** તરીકે જ્યારે ફ્રેન્ચમાં તેને **Guerre des Pâtisseries** એટલે કે પેસ્ટ્રી વોર તરીકે ઓળખાય છે.

## કેટલ યુદ્ધ

જ્યારે આપણે યુદ્ધ વિશે વિચારીએ ત્યારે સામાન્ય રીતે મોટી જાનહાનિ અને બહાદુર સૈનિકો જેવી ઘટનાઓ આંખ સામે આવે. પરંતુ વિચારો કે જ્યારે કોઇની કીટલી તૂટી જાય ત્યારે યુદ્ધો સમાપ્ત થઇ શકે છે.

મધ્ય અને પશ્ચિમ યુરોપના પવિત્ર એવા રોમન સામ્રાજ્ય અને ડચ વલંદાઓ (આજનું નેધરલેન્ડ) વચ્ચે બેલ્જિયનના બંદરોના હક માટે લઇને લાંબા સમયથી તણાવ હતો. રોમન સામ્રાજ્ય વેપાર વધારવા શેલ્ડટ નદી સુધી પહોંચવા માંગતુ હતું જે ૨૭૦ માઇલ જેવી લાંબી હતી અને નેધરલેન્ડ, ફ્રાન્સ, બેલ્જિયમમાંથી

(આગળ પાના નં.૫ પર...)

## વિશ્વના ૬ ફેમસ મૂર્ખ યુદ્ધો.

(આગળના પાના પરથી)

વહેતી હતી.

હવે ડચ લોકો નદી પર પ્રતિબંધ મૂકી વધુ મોટા વેપારી લાભ મેળવવા માંગતા હતા. આથી ૧૭૮૪માં રોમન સમ્રાટ જોસેફ બીજાએ પોતાના વર્ચસ્વને મજબૂત કરવા માટે યુદ્ધ જહાજોનો કાફલો મોકલ્યો, જેની આગેવાની લે લુઇસે લીધી હતી. સામે ડચ લોકોએ માત્ર એક જહાજ મોકલ્યું, જેનું નામ ડી'ડોલ્ફિજીન હતું.

એક ડચ જહાજ સામે ત્રણ જહાજ હતા પરંતુ ડચ લોકોએ શરૂઆત કરી અને લે લુઇસના તૂતક બાજુ એક તોપ ફોડી જેનો ગોળો સૂપની કીટલી સાથે અથડાયો. આમેય રોમન શાહી કાફલો, કોઇપણ પ્રકારની વાસ્તવિક હિંસાનો અનુભવી તો હતો જ નહીં તેમાં સૂપની કીટલી તૂટતા દેખીતી રીતે રાત્રિભોજન નહીં મળે તે ખ્યાલ આવતા તેઓ ડર્યા અને પીછેહઠ કરી !

સમ્રાટ જોસેફ બીજા લે લુઇસના આ પરાક્રમથી ખાસા નારાજ થયા અને યુદ્ધને જમીન પર લઇ ગયા, જ્યાં તેમના સૈનિકોએ નેધરલેન્ડની સમુદ્રને રોકવા બનાવેલી ઘણી પાળોનો નાશ કર્યો જેના કારણે મોટા પ્રમાણમાં પૂર આવ્યું અને ડચ નેતા વિલિયમ વી વાટાઘાટો કરવા માટે સંમત થયા. આ બધાની વચ્ચે શેલ્ડટ નદી ૧૭૯૨ સુધી બંધ રહી.

### કાલ્પનિક યુદ્ધ

ઇતિહાસમાં સૌથી લાંબા યુદ્ધો પૈકીનું એક અને કદાચ સૌથી મૂર્ખ યુદ્ધ પણ ગણાઇ શકાય એવું યુદ્ધ નોંધાયું છે ! ૧૬૫૧માં, ડચ એટલે કે વલંદાઓએ અંગ્રેજ રાજવીઓ સાથે સંબંધો તોડી નાખ્યા. ત્યારબાદ તેમણે ગૃહયુદ્ધ બાદ અસ્તિત્વમાં આવેલ નવા સંસદસભ્યોને ટેકો આપ્યો. ડચના નૌકાદળે રાજાશાહીના લોકોની પાછળ પડક્ષને તેમને પાંચ વસવાટવાળા ટાપુઓ જે ઇંગ્લેન્ડના દક્ષિણપશ્ચિમે હતા અને સિસીલીના ટાપુઓ તરીકે ઓળખાતા હતા ત્યાં ધકેલ્યા.

આ સમયે ડચ એડમિરલ માર્ટેન ટ્રોમ્પ દ્વારા સત્તાવાર રીતે યુદ્ધની ઘોષણા કરવામાં આવી પરંતુ રાજાશાહી પરિવાર કે રોયલિસ્ટોએ આત્મસમર્પણ કરીને સિસીલીમાં રહેવા લાગ્યા. આ વખતે એકમાત્ર ભૂલ એ થઇ કે ડચના વલંદાઓ સિસીલી સાથે શાંતિ સંધિ કરવામાં નિષ્ફળ ગયા કે ભૂલી ગયા તેના પરિણામે આગામી ૩૩૫ વર્ષો સુધી બંને પક્ષો ટેકનીકલી એકબીજા સાથે યુદ્ધમાં રહ્યા. વાસ્તવમાં કોઇ લડતું ન હતું પરંતુ યુદ્ધની વાત પેઢી દર પેઢી સિસીલી ટાપુના સંચાલકો લખતા આવ્યા અને આવા લખાણો પર સહી કરનારાની સંખ્યા લગભગ ૨૨૦૦ લોકોની થઇ ગઇ ! અંતે, રોય ડંકન નામના ઇતિહાસકારે ડચ એમ્બેસીને પત્ર લખીને પૂછ્યું કે શું ઇ.સ. ૧૬૫૧ના યુદ્ધમાં કોઇ શાંતિ સંધિ હતી કે ન હતી? જેનો ડચ એમ્બેસીએ જવાબ ન આપતા ૧૯૮૬માં ડચ રાજદૂત જોનખેર હ્યુડેકોપરે ઔપચારિક રીતે આ સંઘર્ષનો અંત લાવવા માટે આ ટાપુઓની યાત્રા કરી જાહેર કર્યું કે, 'સત્તાવાર રીતે ડચ લોકો અહીં આવી શકે છે. હવે બન્ને પક્ષ વચ્ચે કોઇ યુદ્ધ નથી !' હ્યુડેકોપરે મજાકમાં કહ્યું કે,'અહીં આવવા માટે મને કોઇપણ ક્ષણે યુદ્ધ કેદી બનાવવામાં આવી શકે છે !'

(સંદર્ભ: Jake Rossenની સ્ટોરી તથા ઇન્ટરનેટ પર ઉપલબ્ધ અન્ય માહિતી પરથી અનુવાદ : નવીન પટેલ)




લેખક પરિચય: દેવલ શાસ્ત્રી એક જાણીતા કટાર લેખક છે. 'સંદેશ'માં તેમની કોલમ 'મારું વડોદરા' માં આવતા લેખો માહિતી સભર તથા સાહિત્ય સભર હોય છે. એમની અનોખી લેખન-શૈલી મજેદાર છે.

## 'તમને માફ કરતા ન આવડે તો લેટ ગો કરતાં શીખો...'

જીવનમાં ક્યારેક એવી પળો આવે છે જ્યારે કોઇ વ્યક્તિનું વર્તન આપણને દુ:ખ પહોંચાડે છે. એનો દગો, અપમાન કે અણછાજતા વર્તનથી આપણને દુ:ખ થાય છે. આપણા માટે તેને માફ કરવું અશક્ય છે અને તેની કડવાશ મનમાં રહી જાય છે અને આ કડવાશ આપણા જીવનને જ ઝેરી બનાવી દે છે.

તમને માફ કરતા ન આવડે તો લેટ ગો કરતાં શીખો જેવી સરળ વાત માનસિક સ્વાસ્થ્યની ચાવી છે, જે માણસને ભૂતકાળના બંધનમાંથી મુક્ત કરે છે. મનોવિજ્ઞાન અને ફિલસૂફીમાં આ વિષયનું મહત્ત્વ અપાર છે. અનાસક્તિની સમજ આપતા ગીતાના ઉપદેશમાં ભગવાને કહ્યું છે કે નકારાત્મક લાગણીઓને વળગી રહેવું દુ:ખનું કારણ છે.

જ્યારે ગાંધીજીએ અહિંસા થકી સમજાવ્યું કે ક્ષમા આપવી એ બહાદુરીનું કામ છે. આજના તણાવભર્યા યુગમાં હિંસા અને માનસિક તાણ વધી રહ્યા છે એ યુગમાં લેટ ગો કરવું એ એક એવી કળા છે જે આપણા જીવનને શાંત અને આનંદમય બનાવે છે.

જેને લોકો 'લેસ મિઝરેબલ્સ' કે 'લા મિઝરેબલ્સ' તરીકે ઓળખાવે છે એ વિક્ટર હ્યુગોની ક્લાસિક 'લે મિઝરેબલ્સ' કથાનો આધાર 'ભૂલો અને માફ કરો' પર જ આધારિત છે.

જીન વાલજીન ચોરીના કારણે જેલમાં ગયેલો ગુનેગાર હતો. એક પાદરી તેની ચોરીને માફ કરીને નવું જીવન આપે છે. આ ઘટના ભૂતકાળને લેટ ગો કરીને પ્રેમ અને ન્યાયના માર્ગે વળે છે. અહીંથી એક વિશાળ કથાનો પ્રારંભ થાય છે. જિન વાલજીનના જીવનમાં સતત સંઘર્ષ આવે છે અને અંતે તેને સુખ ભોગવવાનો મોકો મળે છે એ પણ ફક્ત માફ કરવાના ઉદાત્ત હેતુ માટે છોડી દે છે. લેખકે યુરોપને હિંસામાંથી મુક્ત થઇ ક્ષમાને સમાજના અન્યાય અને માનવતા સાથે ગૂંથી લાગણીસભર રીતે રજૂ કર્યું છે.

આપણી મહાભારત અને રામાયણમાં વખતોવખત માફ કરવાની અને ભૂલવાની વાત આવે છે. ભગવાન કૃષ્ણ તેમના મામા કંસનો વધ કરે છે. કંસના સસરા મગધના રાજવી જરાસંધ મથુરા પર હુમલો કરે છે. મથુરાવાસીઓ પ્રસ્થાન કરી જાય છે. આ જરાસંધનો વધ પાંડવ ભીમ કરે છે. સ્વાભાવિક છે કે જરાસંધનો પરિવાર શ્રીકૃષ્ણ અને પાંડવોની વિરુદ્ધ જ હોવો જોઇએ. પણ અહીં જરાસંધનો પુત્ર સહદેવ મહાભારતની લડાઇમાં પાંડવોની સાથે છે. સંબંધોની જટિલતા વચ્ચે ક્ષમા અલગ માર્ગ ચીંધે છે.

મહાભારતની કથામાં અસંખ્ય વાર માફ કરવાની અથવા ભૂલવાની વાત કરવામાં આવી છે. કર્ણ આખું જીવન પોતાની માતા કોણ છે એ જાણવા માટે તરસે છે. યુદ્ધ સમયે માતા સાથે વાત થાય છે ત્યારે પાંડવો પાંચ જ રહેશે જેવી વાત કરીને માફ કરવાનો આડકતરો ઉલ્લેખ કરે છે.

મહાભારતના યુદ્ધ પછી ગાંધારી અને ધૃતરાષ્ટ્ર લાંબા સમય સુધી પાંડવો સાથે રહ્યા હશે ત્યારે ભૂતકાળને ભૂલવાની જ વાતો થઇ હશે ને !

આમ પણ ભૂલ માફ નહીં કરવાની વૃત્તિ આજકાલ વિશ્વને ખૂબ મોંઘી પડી રહી છે. વિશ્વમાં દર વર્ષે ૪૪ લાખ લોકો હિંસા ને આઘાતથી મૃત્યુ પામે છે. ૨૦૨૪માં યુદ્ધોમાં નિર્દોષ નાગરિકો મૃત્યુની સંખ્યામાં ૪૦ ટકાનો વધારો થયો છે. જો કે વ્યક્તિગત હિંસાનું પ્રમાણ વધવા સાથે વ્યક્તિમાં છેલ્લા દાયકામાં ગુસ્સા અને તણાવનું પ્રમાણ વધ્યું છે. વિશ્વભરના શાંતિ માટે પ્રભાવ પાડી શકે એવો એકપણ નેતા નથી, કદાચ એટલે જ વિશ્વની નજર ગાંધી અને બુદ્ધના દેશ તરફ પડતી હશે.

સોશ્યલ મીડિયાના પ્રભાવને કારણે તણાવ ને ડિપ્રેશન વધતા આત્મહત્યાનું પ્રમાણ વધ્યું છે. સામાન્ય વાતમાં લોકો હિંસાત્મક બનતા થયા છે. સોશ્યલ મીડિયામાં વ્યક્તિની અસહમતીને વિરોધીના રૂપે બતાવાય છે. ભૂતકાળમાં અસહમત થવું એ સહજ સંવાદનો ભાગ હતો. આપણા અનેક ગ્રંથોમાં અસહમતીની કથાઓ છે. વિભીષણને પોતાના પક્ષમાં રાખવા અંગે ભગવાન રામના સાથીઓ વચ્ચે અસહમતી હતી. અસહમતી એક હદ સુધી હોય એ લક્ષ્મણરેખાને આપણે ભૂલી ગયા છીએ.

મહાત્મા ગાંધી આજીવન ક્ષમાને અહિંસાનો ભાગ ગણતા રહ્યા હતા. પીટરમેરિટ્ઝબર્ગમાં ગોરા અધિકારીએ તેમને ટ્રેનમાંથી ધક્કો મારીને ફેંક્યા. ગાંધીજીએ તેને માફ કર્યોને પછી રંગભેદની લડત શરૂ કરી. તેમણે વ્યક્તિની સામે નહીં, અન્યાયની સામે લડવાનું પસંદ કર્યું. ગાંધીજી વારંવાર કહેતા રહ્યા છે કે તમે કોઇને માફ ન કરી શકો તો તેની સાથે વેર પણ ન રાખો. તેને તમારા મનમાંથી મુક્ત કરો આ વાત જ લેટ ગો કરવાની છે.

લેટ ગો કરવાથી વ્યક્તિના તણાવના હોર્મોનમાં ૨૩ ટકાનો ઘટાડો થાય છે અને ઓક્સિટોસિન જેવા પ્રેમના હોર્મોનમાં વધારો થાય છે. સોશ્યલ મીડિયા પરની હેરાનગતિ પછી માફી-ધ્યાનથી ચિંતા ૨૫ ટકા ઘટે છે.

પશ્ચિમી ફિલોસોફર એપિક્ટેટસ મસ્ત કહેતો હતો કે, 'લોકો તમને નુકસાન નથી પહોંચાડતા, તમારા વિચારો તમને નુકસાન પહોંચાડે છે.'

ફિલોસોફરોનો ગરૂ સોક્રેટિસે એમના જીવનમાં આ પ્રયોગ કરીને દેખાડ્યો. તેમને એથેન્સની અદાલતે ઝેર પીવાની સજા આપી ત્યારે તેમણે તેમના આરોપીઓને માફ કર્યા.

એરિસ્ટોટલે ક્ષમા આપવા માટે એક નવી જ વાત કરી. એણે ક્ષમાની વ્યાખ્યા કરી કે, 'ક્ષમા એટલે શું ? ક્ષમા એ માફી અને ક્રોધ વચ્ચેનો સેતુ છે. અતિશય ક્રોધ અને અતિ ક્ષમાવાન બનવું એ બંને નુકસાનકર્તા છે. જ્યારે બધા પથ નુકસાનકર્તા હોય ત્યારે ભૂલી જવું એ વધુ હિતકર છે.'

આ બધી વાતો સોશ્યલ મીડિયાને જ સત્ય માનીને જીવનારા વોટ્સઅપ યુનિવર્સિટીના મહાનુભવોએ યાદ રાખવી જોઇએ જે સામી વ્યક્તિ દ્વારા થઇ ગયેલી નાનકડી ભૂલને પણ ચોવીસ કલાક વાગોળ્યા કરતા હોય છે. ફાઇનલી - 'ભૂલો માફ કરો અને આગળ વધો' જેવો પૌરાણિક બોધપાઠ આધુનિક યુગની કિંમતી 'મેડિસિન' બની ગયેલ છે.

'ધ એન્ડ'માં: માફ કરવું એ ભૂલને ભૂલવું નથી, પણ તેની પીડાને મુક્ત કરવી છે. (-ઓપ્રા વિન્ફ્રે)

આપની જાહેરખબર whatsApp No. 9377124582 પર કે samajdarshan.mail@gmail.com પર મોકલાવી શકો છો. જાહેરખબર મોકલ્યા બાદ ફીમસકશે પર જાણ કરવી જરૂરી છે.

પેમેન્ટ ઉપરના ફોન No. 9377124582 પર કોઈપણ પેમેન્ટ ઍપ દ્વારા કે UPI id: npbaroda@okicici પર મોકલી શકો છો.

## DISPLAY BOX ADVT

**Advertise Rate**

DISPLAY BOX
Size : 82 x 72 mm
ONE ISSUE
Rate: 250/- Only
(For 6 Mo./ 12 Ads.
Rs. 1000/- Only &
For 12 Mo./ 24 Ads.
Rs. 1900/- only)
ONLY TEXT MATTER LOGO SHOULD BE PROVIDED BY YOU. MULTIPLE MATTER CAN BE SET FOR PACKAGE ADVTS.

This E-Magazine is edited & published by Navin Patel of Vee Kraft at D/601, Samrudhi Satvik, Nr. Darshnam Antica, Bh. Bansal Mall, Danteswer, Vadodara 390004, GUJ for Mrs. V. N. Patel, owner & residing at same address as above.

આ અખબારમાં પ્રગટ થતી જાહેરાત બાબતે પેમેન્ટ મોકલતા પહેલા, કોઈ પ્રકારના કરાર પહેલા અમારી સાથે પૂછપરછ કરવી. અહીં આવતી કોઈપણ પ્રોડકટ કે સર્વિસીસ વિશે જે દાવો કરવામાં આવે છે તે વિશે જે તે જાહેરાત આપનાર જવાબદાર છે અને કોઈપણ બાબત માટે આ E-magazine 'વડોદરાનું કચ્છીઓનું સમાજ દર્શન' ના માલિક,તંત્રી કે પ્રકાશક જવાબદાર નહીં ગણાય.


*Zalak Maheshwari*
M :9662 42 41 40

VARIANT Cooking & Baking Classes

*New Vision & New Varieties*



*B-318, Neelkanth Palace, Opp. Seema Hall, 100 Feet Road,Satelite, Ahmedabad - 380015*
*Website : www.variantclass.in*
*Email: variantclass@gmail.com*





*Varsha Patel*
*M: 9426326389*

SINCE 1995
VARIANT COOKING CLASSES

*Certificate Course*

*A Culinary Art Class*
*Regd. with DIC, Vadodara*
*(Govt. of Gujarat)*

D/601, Smruddhi Satvik, Behind Bansal Mall,
Danteswar, Vadodara - 390004.
Website: www.variantclass.in
Email: variantclass@gmail.com



વડોદરાના કચ્છીઓનું
## સમાજ-દર્શન
**મલ્ટી કલર ડીજીટલ જાહેરખબર**

આખા પાનાની જાહેરાત ફક્ત રૂા. ૭૯૨/- માં*

અડધા પાનાની જાહેરાત ફક્ત રૂા. ૩૯૬/- માં*

પા પાનાની જાહેરાત ફક્ત રૂા. ૧૯૮/- માં*

*(૧ વર્ષ = ૨૪ અંક માટેના ૧ જાહેરાતના ભાવ)


Total figure is increasing daily... **15,000 + Readers**

- 500 + Various, Kutchi Groups
- 725 + Mumbai Kutchi Comunity Groups
- 300 + Guj News, All India Kutchi
- 850 + Ye hai jindgi, Mumbai Kutchi
- 2000 + KDO Deep, All India Kutchi
- 1100 + Vadodara Kutchi Group

**તમારા માટે સૌથી ઓછા દરે આજે જ જાહેરાત આપો**

વધુ માહિતી માટે સંપર્ક whatsApp 9377124582

## કચ્છ અને કચ્છીયતના બે સુંદર સાહિત્યિક સામાયિકો

**કચ્છ-અર્પણ**
કચ્છીઓને સમર્પિત દ્વિમાસિક

**Advt.Tariff for E Magazine**
**'Kutch-Arpan'**
*(bimonthly e-magazine)*

**FULL PAGE**

| 1 Month | 1 YEAR |
|---|---|
| 2,000 | 10,000 |

**HALF PAGE**

| 1 Month | 1 YEAR |
|---|---|
| 1,000 | 5,000 |

**QTR. PAGE**

| 1 Month | 1 YEAR |
|---|---|
| 500 | 2,500 |

**DISPLAY AD**
1 YEAR
1,000

વડોદરાના કચ્છીઓનું
**સમાજ-દર્શન**
એક મજાનું પખવાડિક
દર મહિનાના ૨જા ને ૪થા શનિવારે

**SPECIAL OFFER For Advt.**
*(2 ISSUES PER MONTH)*
*(50% Off + Extra Discounts)*

**FULL PAGE (2000 per advt)**

| 6 Months | 12 Months |
|---|---|
| 10,000 | 18,000 |

**HALF PAGE (1000 per advt)**

| 6 Months | 12 Months |
|---|---|
| 5,000 | 9,500 |

**QTR. PAGE (500 per advt)**

| 6 Months | 12 Months |
|---|---|
| 2,500 | 4,500 |

**DISPLAY Ad (250 per advt)**

| 6 Months | 12 Months |
|---|---|
| 1,000 | 2,000 |

## Color Advertisement Rates :

Front Page Premium Rates : Rs. 3000 (FULL PAGE ONLY)

| INSIDE PAGES | RATES (Rs.) | SIZE (in cms.) |
|---|---|---|
| FULL PAGE | 2000 | 25 (W) x 31 (H) |
| HALF PAGE | 1000 | 25 (W) x 15 (H) |
| QUARTER PAGE | 500 | 12 (W) x 15 (H) |
| DISPLAY BOX | 300 | 8.2 (W) x 7.2 (H) |

*(Design charges : Full page Rs. 300/-, Half page Rs. 250/-, Qtr. page Rs. 200/-)*

સમાજની જાહેરખબર, અવસાન કે પ્રાર્થના કે શ્રદ્ધાંજલી જાહેરખબર પર ૫૦% ડિસ્કાઉન્ટ

વાગડમાં નોંધપાત્ર કામ કરી રહેલ સંશોધક લેખક ડૉ. મહાદેવ બારડની કલમની સાથે માણીએ...

# વાગડ વૈભવ

લેખક : ડૉ. મહાદેવ બારડ, મો: ૯૭૧૪૮૩૪૨૨૩

## લખાપીર દાદા



બનાસકાંઠા જિલ્લાના પાલનપુરથી ૧૦૦ કિ.મીના અંતરે થરાદથી ૧૫ કિ.મી અને રાધનપુરથી ૭૦ કિ.મી સરહદી પંથકના વાવ તાલુકામાં આવેલ ભારત પાકિસ્તાન બોર્ડર નડાબેટ સૂઈગામ થી વાવ તરફ નેશનલ હાઈવેની બાજુમાં ખીમાણાવાસ ગામે આવેલું લખાપીર દાદાનું પવિત્ર તીર્થ યાત્રાધામ આમ તો ગુજરાતમાં છે પણ તે વાગડને અડીને જ છે.

વાવેચીની ધિંગી ધરતીમાં પોતાનાં પ્રાણની આહુતિ આપી અને પોતાની ઇશ્વરીય ભક્તિ અને તપથી આ ભુમીને પવિત્ર કરી શુરા, સંતો, ભગતો, સતીઓ અને દાતાઓએ ઉજાળીને ઉજાગર કરી છે અને ઇતિહાસમાં વાવેચી ધરાના નામ અમર કર્યા છે

વાવેચી ધીંગી ધરતીના એક વીર પુરૂષોમાંના એક રાજપૂત વીર યોદ્ધા, શીવના પરમ ઉપાસક ભગત, દાતાર અને શુરવીર એવા લખાપીર દાદા અષાઢી બીજના દિવસે સન ૧૭૩૨માં ગાયોની વ્હારે ચડી કામ આવી ગયાં.

ગૌ માતાની કાજે સમલી બેટમાં સિંધ પ્રાંતના સુબો જ્યારે વાવેચી પંથકની ગાયો હેરી અને સમલી બેટમાંથી પડકારી અને લઇ જતો હતો ત્યારે ગંગાજળિયા ગોહિલ કુળનાં વણોલ શાખાના રાજપૂત શીવના પરમભક્ત સાદુળજી ગોહીલ અને જહુબા માતનો વ્હાલસોયો કુંવર લગધીરજી સિંધુડા રાગના સુર અને શૂરાતનનો પાનો ચડાવતી ધ્રીબાંગ... ધ્રીબાંગ... બુંગીયા ઢોલની કાન સોંસરવી ડાંડીઓ સાંભળી અને સમલી બેટમાં રોઝો ઘોડો લઇને નીકળી પડ્યો ને વીજળીવેગે પોતાના ભાયાતોની હારે સમલી બેટમાં જઈ ડાવલશા અને તેની ફોજના કચ્ચરઘાણ કાઢી દુશ્મનોને રણ મેદાનમાં મારી, ગાયો બચાવી, લાજ રાખી વટથી પાછો ફરતો હતો ત્યારે રણમેદાનમાં પાછળથી એક દુશ્મને ઘા કરતાં લખાપીર દાદા સમલીના સમરાંગણમાં ગાયોની વ્હારે ચડી અષાઢી બીજના સપરમા દિવસે કામ આવી ગયાં, શહિદ થઇ ગયા.

જાણે કાળને પારખી ગયા હોય તેમા ધિંગાણે જતા પહેલાં તેમનાં ભાયાતોને કહી ગયા હતા કે, 'જો હું ગાયોની વ્હારે રણમેદાને કામ આવી જાવું તો મારી દેહને અગ્નિસંસ્કાર આપતાં નહીં અને અલાસર તળાવના કિનારે સમાધી આપજો.' પરંતુ, તેમ ન થતાં તે સમયમાં તેમનાં ભાયાતોએ લખાપીર દાદાના પાર્થિવ દેહના અગ્નિસંસ્કાર કરી દીધાં અને લખાપીર દાદાનો પાર્થિવ દેહ પંચ મહાભુતમાં સમાઇ ગયો. પરંતુ, દાદાને આ વાત કદાચ મંજૂર નહીં હોય અને તેમનાં પરમ ભગત રાવતને ભર નીંદરમાંથી જગાડી અને કહ્યું કે, 'ઉઠ રાવત ઉઠ ! રાવત ! સુતો કે જાગતો છે ?'

રાવતે જવાબ આપ્યો, 'દાદા આપ ! ધન્ય હો બાપ ધન્ય હો !'

સપનાંમાં કોટી દંડવત પ્રણામ કરી દાદાને બે હાથ જોડી રાવતે કહ્યું, 'આપનાં દર્શનથી મારો જીવન ફેરો આ મનખા જીવનમાંથી પાર થઇ ગયો.'

ભરનિંદરમાં દાદાના પરમ ભગતને લખાપીર દાદાના દર્શન થયાં અને લખાપીર દાદાએ વાત કરી કે, 'મારા ભાયાતોને ઘરે જઇને કે જે કે સમલી બેટમાં પંચ કેરડા છે, ત્યાં મારો જમણો હાથ પડ્યો છે અને હજારો હાથની વચ્ચે મારા જમણા હાથની પાંચે આંગળિયે જ્યોતું ઝળહળતી હશે. તે હાથ લઇ અને તેની અલાસર તળાવની પાળ પર સમાધી અપાવજો.'



સવાર પડતાં તો રાવત ભગતે તેમનાં ભાયાતોને ભેગા કર્યા અને આ સમગ્ર વાત માંડી. આવી વાત સાંભળતાં જ વણોલ ભાયાતો રાવત ભગતને હારે લઇ અને સમલી બેટમાં પંચ કેરડે ગયા. ત્યાં તો વીરભૂમીમાં હજારો મસ્તક પડ્યાં છે અને હાથની વચ્ચે દાદાનો જમણા હાથ પંચ કેરડામાં પડ્યો છે, ને પાંચે આંગળિયે દીવા ઝળહળી રહ્યા હતાં. આ દૈદિપ્યમાન દશ્ય જોઇ ભાયાતો અભિભૂત થયા અને જ્યોતના દર્શન કરી એ લખાપીર દાદાના જમણા હાથને ખીમાણાવાસ લાવી અલાસર તળાવની પાળે વિધિપૂર્વક સમાધી આપી.

અત્યારે આ પવિત્ર જગ્યા પર ત્રણ માળનું લખાપીર દાદાની સમાધિ ઉપર ભવ્યાતિભવ્ય મંદિર બંધાવેલ છે અને આ પવિત્ર સ્થળ આજે વાવેચીના રણકાંઠે પ્રવાસન તીર્થ તરીકે વિકસ્યું છે. અઢારે વરણ દાદાના ધામમાં આવી દર્શન કરીને ધન્યતા અનુભવે છે. દર અજવાળી બીજે વણોલ શાખાના રાજપુતોના ઘરમાંથી બેન દિકરીઓ અને ભાઇઓ દાદાના મંદિરે અચુક જાય છે ને ધામમાં બીજનું વ્રત કરીને દર્શનાર્થે પધારે છે. અષાઢી બીજના દિવસે લખાપીર દાદા કામ આવ્યા હોવાથી તે દિવસે અહીં ભવ્ય મેળો ભરાય છે અને દર્શનાર્થીઓ ભોજનશાળામાં ભોજન લઇને ધન્યતા અનુભવે છે.

દોહો

સમલીના સમરાંગણે, હાકલ દેય હમીર,
ગાયું બચાવી ગામની, પોઢ્યા ય લખાપીર;
પાળ અલાસર પાદરે, ભગતો આવે નીજ,
પ્રેમે ઉજવે પીરની, આજ અષાઢી બીજ.

કવિ: વિ.પી.સિંહ

## ફોટો બોલે છે... ૩૭

Photo by
Satish Shanischara, Mandvi.
M: 9925169693



ભૂતકાળના સૌંદર્યની છાયામાં આજનું જીવન પાંગરે છે. કલા-કારીગીરીથી ભરપૂર સ્થાપત્ય 'ગઇકાલે' તેના ભવ્ય કોતરકામને લઇને શોભતું રહ્યું હશે પણ આજના 'વર્તમાન'માં તેની માવજત કરનારું પણ કોઇ નથી. આજનો કારીગર તેના મશીન સાથે આ સ્થાપત્યના આશરે બેઠો છે ત્યારે કોઇક વળી તેની પાળીએ બેસી 'ભવિષ્ય'ના માટે કાંઇક વિચારતો લાગે છે.

હવેલીની દિવાલોના કાંગરા ખરતા જાય છે ને એક નવું ખંડીયેર બનવાનો પ્રારંભ થવાનો આભાસ થાય છે. ત્રણ કાળ અહીં આરામ કરવા ભેગા થયા હોય તેમ લાગે છે.

## હાર્દિક શુભેચ્છાઓ સહ...

નરેન્દ્રભાઈ મોમાયા
M: 9879913377
કુસુમબેન મોમાયા
M: 9428693309

કેવલ મોમાયા
રશ્મીબેન મોમાયા
જિનય મોમાયા
પાર્શ્વી મોમાયા

કચ્છી ગૃહઉદ્યોગનાં ઘઉંના લોટમાંથી
હાથ બનાવટનાં શુદ્ધ, સાત્વિક,
ઉત્તમ ક્વોલીટીનાં ખાખરા

સાદા ખાખરા
જીરા ખાખરા
મેથી ખાખરા
ચટપટા ખાખરા

- સાદા ખાખરા
- શુધ્ધ ઘી ખાખરા
- જીરા ખાખરા
- મેથી ખાખરા
- ખીચડી ખાખરા
- ચટપટા ખાખરા
- ડાયેટ ખાખરા
- ચકરી
- ફરસી પુરી
- જાડી સેવ

F-15, Saraswati Nagar, KDO Nagar, Opp. Kalavati Hosp.,
Nr. Vimalnath Derasar, Warasiya Ring Road, Vadodara-6



## Kala Craft

Traditional & Creative Craft Collection





## Kala Craft

5, B.N.Chambers, Opp. Welcome Hotel
R.C.Dutt Road, Alkapuri, Vadodara, Guj
Mobile: 9624018211














કિંમત રૂા. ૨૦ થી ૩૦ સુધી

આપના સ્વજનોની યાદો
ચિરંજીવ બનાવો...
જિનવર ભક્તિ સહ
આત્મીય-જ્ઞાન
આપતી પોકેટ સાઈઝ
પુસ્તિકાઓ
ધાર્મિક અનુષ્ઠાનો,
પૂણ્ય તિથિ કે
જન્મ તિથિ દરેક પ્રસંગે
પ્રભાવના રૂપે યોગ્ય...

- આપ્તજનોને શ્રદ્ધા-કુસુમ અર્પણ કરવા પાંચ પુસ્તિકાઓનો સુંદર સંગ્રહ.
- સદ્ગત - પરિવારના ફોટા, પરિવારજનોના નામો સાથેનું કાયમી સંભારણું.
- ઘર/ઑફિસમાં સાથે રાખી ભક્તિ-ચિંતન-મોટીવેશન માટે ઉપયોગી.

ક્વોલિટી ડીજીટલ કલર પ્રિન્ટીંગ, લેમીનેટેડ ટાઈટલ, કુરિયર ડીલીવરી, વાજબી ભાવ.

વધુ માહિતી માટે સંપર્ક : નવીન પટેલ: 9377124582 (ALL INDIA DELIVERY)



## રૂપારેલ પરિવાર તરફથી
## ચૈત્રી ચંદ્રની
## ખૂબ ખૂબ વધાઈઓ...

કમલેશભાઈ રૂપારેલ
જયભાઈ રૂપારેલ
ખુશ્બુ રૂપારેલ
હિત રૂપારેલ
તથા
સમગ્ર પરિવાર

કચ્છ કોઠારા- વડોદરા

કચ્છી લોકસાહિત્યની કથાઃ ૨૯

# વટ્ટવાળો વાણિયો : કોરશી પટેલ

લેખક - દુલેરાય કારાણીના પુસ્તક 'કચ્છની રસધાર'માંથી સાભાર

'પટેલ ! આં વારી તાજણ તાં અસાં વટે સોભે, જાડેજેં વટે ! વાણિયેં વટે ન સોભે ભલા !' (પટેલ ! તમારી તાજણ ઘોડી તો અમારી પાસે શોભે, જાડેજા પાસે ! વાણિયા પાસે ન શોભે હો !) ભુજપુરના કોરશી પટેલની, વીજળી જેવી પાણીપંથી ઘોડી જોઇને રતાડિયા દરબાર આસારીઆજીની આંખમાં તે ચોંટી જતાં તેણે પટેલને કટાક્ષમાં કહ્યું.

'ઠક્કર ! જાડેજા ચડ્રી જાણેતાં, ને વાણિયા કુરો નતા જાણેં ? (ઠાકોર, જાડેજા ચડી જાણે છે અને વાણિયા શું નથી જાણતા ?)

'પણ કોરીયું કિતરીયું ગિનંધા ? કુછો અજ તાં આંજો મોં વેરી ! (પણ કોરીઓ કેટલી લેશો બોલો ! આજે તો તમારું મોઢું જ વેરી !)

'માંગા ધીયરેં જા વેં બાવા ! વહુઆરેં જા ન વેં !' (માંગા દીકરીઓનાં હોય, બાપુ ! વહુઆરોનાં ન હોય !) પટેલે ઠાકોરને રોકડું પરખાવી દીધું.

પટેલના પ્રત્યુત્તરે દરબાર પર જાણે તાંજણાનો ઘા કર્યો. દરબાર ભોંઠા પડી ગયા. જતાંજતાં પડકાર ફેંકતા ગયાઃ 'સઉં રહીને ખીર નં પીએ, સે ઊંધો રઇને મૂતર પીએ.' (સામો રહીને દૂધ ન પીએ તે અવળો રહીને મૂત્ર પીએ !)

'તડેં ભલીયું તેંજ્યું વંય બાવા !' (ત્યારે ભલી તેની વહે બાવા !) પટેલે ઠાકોરના પડકારની સામે એવો જ પડકાર ફેંકતાં કહી દીધું.

પટેલની આ તુંડમિજાજી આસારીઆ દરબારના મનમાં ભાલાની જેમ ખટકી રહી.

'ધીંગેજી ધરા અને બફ્રેજી બાયડી' એવા રા'રાયધણનો જમાનો કચ્છ પર જામી રહ્યો હતો. અરાજકતા અને અંધાધૂંધીનાં વાદળોથી કચ્છડો ઘેરાતો જતો હતો. તલવારની તાકાત એ જ મોટી તાકાત હતી. કોઇ ભાવ પૂછનાર ન હતું.

કચ્છ-ભુજપુરનો કોરશી પટેલ એટલે વટનો કટકો. આખા મુન્દ્રા તાલુકામાં એની હાક વાગે. સમય એવો હતો, જ્યારે શૌર્ય અને વીર્યનાં તેજ કચ્છની પ્રજામાંથી હણાયાં ન હતાં. વાણિયાની મૂછ પણ ઊંચી હતી. એ સમયના વાણિયા પણ અનોખા હતા. ચડાવેલા કાતરાથી ભરપૂર ચહેરો, તેજના તણખા ઝરતી તેજસ્વી આંખો, કડાં-બોરવાળા ચોરણા પર ઝૂલતી ભેટ, બદન પર કમાનદાર કેડિયું, પેચદાર કચ્છી પાઘડી, કમ્મરે લટકતી તલવાર અને ચડવાને પવન જેવી પાણીદાર ઘોડી, આવું હતું એ વખતના અનેક ઓશવાળ વીરોનું વ્યક્તિત્વ. એટલું જ નહિ, પણ જેનાં ધાડાં ચડે અને રણમેદાનમાં સામી છાતીએ લડે, એવા અનેક કચ્છવીરોનું કચ્છમાં અસ્તિત્વ હતું.

કોરશી પટેલને પણ વીરત્વના અને વટના સંસ્કાર ગળથૂથીમાં જ મળ્યા હતા. બેધારી તલવાર જેવા કચ્છના બારભાયા રાજમાં પણ ભુજપુર અણીશુદ્ધ સહીસલામત રહ્યું હતું, એ પ્રતાપ હતો કોરશી પટેલનો. એક રતાડિયાના ગરાસિયા આસારીઓજી એવા હતા કે ક્યારેક લાગ ફાવતો ત્યારે ભુજપુરને રંજાડી જતા.

એક વાર કોરશી પટેલે કોઇ સગાવહાલાની ગૂડાવાળ પ્રસંગે આસારીઆજીના ગણેશવાળા રતાડિયા ગામે ગયો હતો. આસારીઆજીના મનમાં તો કોરશી પટેલ કાંટાની માફક ખટકી જ રહ્યો હતો. હાથમાં આવેલી તક એળે જવા ન દેવી, એમ સમજી આસારીઆજીએ પટેલ પર ઓચિંતું આક્રમણ કરી તેની તાજણ ઘોડી આંચકી લીધી અને પટેલને પણ બાન કરીને પકડી લીધો.

'કોરશી પટેલ, હવે જોઇ લેજો. તમારે કેટલી ઘોડીઓ ઓકવી પડે છે ? કોરી પાંચ હજાર વગર તમારે હવે છૂટકો નથી.'

'અને આ કોરશી કાકો એક દોકડો પણ પરખાવવાનો નથી એ પણ સમજી લેજો !!'

'પટેલ, હવે તારો આ બધો મદ ઉતારી ન નાખું તો હું આસારીઓ નહિ !'

'...અને હું રતાડિયાનો ગઢ પડાવીને તેમાં હળ ખેડાવી, ભાજી ન રોપું તો હું કોરશી નહિ !'

આમ પટેલ અને ઠાકોર વચ્ચે સામસામા પડકાર થઇ ગયા. ઠાકોરના માણસો પટેલને ઘસડી ગયા, જેલમાં પૂરી દીધો અને તેના પર સખત જાપ્તો મૂકી દેવામાં આવ્યો. ખાવું-પીવું, ઊઠવું-બેસવું બધું એક નાની શી કોટડીમાં. માત્ર કુદરતી હાજતે દિશા-જંગલ જવું હોય ત્યારે જ તેને કોટડી બહાર કાઢીને ગામ બહાર લઇ જવામાં આવતો. એ વખતે હાથે બાંધેલું દોરડું પકડીને બે બાજુએ બે ચોકીદાર ચાલતા.

આમ ને આમ કેટલોક સમય વીતી ગયો. ન તો કોરશી પટેલ આસારીઆ દરબારને કોરી પાંચ હજાર આપે, અને ન તો રતાડિયાનો ધણી તેને રજા આપે.

એક દિવસ સંધ્યા સમયે કોરશી પટેલને કળશિયે જવા માટે બે ચોકીદારો તેને બંધનગ્રસ્ત હાથે ગામ બહાર લઇ ગયા. એક ઊંડા વોકળાની ભેખડ નીચે કોરશી પટેલ કળશિયે બેઠો. ક્યાં બેસવું એ તો કોરશી પટેલે પ્રથમથી જ નક્કી કરી રાખ્યું હતું. એ વખતે પણ પટેલને હાથે દોરડું તો બાંધેલું જ રહેતું. દોરડાનો એક છેડો પટેલના બાહુમાં બાંધેલો રહેતો, બીજો છેડો ચોકીદારના હાથમાં રહેતો. વારેવારે દોરડું ખેંચીને ચોકીદારો ખાતરી કરી લેતા કે તેમનો કેદી હજુ બેઠો છે.

એ દિવસે કોરશી પટેલ બરાબર લાગ સાધીને જ બહાર નીકળ્યા હતા. છટકી જવાની યોજના એમણે મનમાં વિચારી રાખી હતી. કળશિયે જવાનું તો માત્ર નામ જ હતું. ચોકીદારોની આંખમાં ધૂળ નાખીને એમણે તો છટકી જવાનું નક્કી કરી રાખ્યું હતું. વોકળાની ભેખડ નીચે એક આકડાનું ઝાડ પટેલે જોઇ જ રાખ્યું હતું. હાથે બાંધેલો દોરડાનો છેડો છોડીને પટેલે આકડાના ઝાડ સાથે બાંધી દીધો ને પોતે ઊભે વોકળે ભુજને રસ્તે ઊપડી નીકળ્યો.

વિક્રમ સંવત ૧૮૪૨ની એ સાલ હતી. મહારાઓ રાયધણજી બીજા ભુજની ગાદી પર બિરાજમાન હતા. કચ્છ પર અંધાધૂંધી અને અરાજકતાનાં વાદળ ઝઝૂમતાં હતાં.

રાયધણજી બાવા સવારમાં કચેરી ભરીને બેઠા હતા. ત્યાં સામેથી એક વિલક્ષણ વ્યક્તિ આવતી નજરે પડી. એના માથા પર બળતી સગડી હતી. એનો આ દેખાવ જોતાં જ આખી કચેરી વિસ્મિત બની ગઈ. એ બીજો કોઇ નહિ પણ રતાડિયા દરબારને રમાડીને પલાયન થઇ જનાર કોરશી પટેલ હતો...

(વધુ આવતા અંકમાં...)

## કચ્છી કવિતા મહેફિલ

### ધિલ તોંજો ઘરીઆ

સજણ મુંજા ધિલ તોંજો ઘરીઆ
ધિલ તોંજો ઘરીઆ ધુલા મુંજા
ખિલ તોંજી લેરીઆ...
સજણ મુંજા...

સિકલ તોંજી લગે સાંવરી,
તેડ઼ા નેણજા વરીઆ,
મિઠા નીં તોંજા વેણ લગેં,
જાણે સકરજા સિરીઆ...
સજણ મુંજા...

માયા પિંઢઇ મનડ઼ે બધાજે,
જેંજી વે નતી કિરીઆ,
વિગર લિખેઆ ઇ વાંચાજે,
'તેજ' પ્રેમજા પરીઆ...
સજણ મુંજા...

કવિ તેજપાલ ધારશી 'તેજ' ના પુસ્તક 'વસીલો'માંથી

### પિંઢજી સિલાઈ નેર તું

તું અઇંએ માડુ પિતર, પિંઢજી સિલાઈ નેર તું,
છીછર છડે કે છિતર, પિંઢજી સિલાઈ નેર તું;

તું ત તોમેં અઇ ભરલ કેડ઼ા કિતરા સે લેખ તું,
તેં થકી મ થી તુતર, પિંઢજી સિલાઈ નેર તું;

નાયજો ઓંજો લગે ઇનમેં કરિયેંતો ઉલારિયો,
છટાંજે તો જાણે ગટર, પિંઢજી સિલાઈ નેર તું;

ડંધ જોરે વિજધોસે હલધે હુલ મિણીંકે ડીંયે,
નઈ કકા કાં વિતર, પિંઢજી સિલાઈ નેર તું;

ધંધે જો તું ધઉસ અઇંયે, ગામજા ઓટા જોરિયેં,
ઘરમેં અઇ ઠિલા ઠિકર, પિંઢજી સિલાઈ નેર તું;

ભુખ ભડ઼ાકા કે જડેં, હિત હુત પ્યો જાવા વિજેં,
કિત્ત મિલે માની ટુકર, પિંઢજી સિલાઈ નેર તું;

ધુક્કા પોંધા અલખ ધણીજા 'ધુફારી' ચે તોકે જડેં,
થિઇ વેને સિધો નેતર, પિંઢજી સિલાઈ નેર તું.

- પ્રભુલાલ ટાટરીઆ 'ધુફારી', મોઃ ૮૭૫૮૫૪૬૦૪૬

ન વે આસ્થા ને વિનો પાં મિંધર.
તડેં ડેવ કે પાં જ પથ્થર ભનાઈયું.
અચે જાધ હરપલ 'જયૂ' આંકે જેજીં !
હલો ઍડે ધિલભર કે ઈશ્વર ભનાઈયું.

-જયેશ ભાનુશાલી 'જયુ', મોઃ ૯૯૨૫૪૭૩૨૭૩

કચ્છી લોકસાહિત્ય : 'પિરૂલી': ૪૭

## ઑણ કે નં ઓડિયું થિઈયું, નં કીં હથોડ઼જો માર.
## એરણની નજીક ન ગઈ, ને ન મળ્યો હથોડાનો માર.

લેખક : શ્રી લાલજીભાઈ મેવાડા 'સ્વપ્ન' મો: 8320313731

દેવગર બાવાજીએ વિસરાઇ તળાવડીમાં કાવડનો ડબ્બો નાખ્યો કે સ્થિર જળમાં ભૂકંપ આવ્યું હોય તેમ પાણીમાં મંદિરનું શિખર અને પાળ પર ઉગેલા ઝાડવા ડોલવા માડયાં એવું દશ્ય દેખાયું. બેય ડબ્બા કાવડમાં ભેરવી દેવગર બાવાજી ચાલવા પગ માંડ્યાં કે કાવડમાનું લાકડું લચકવા માડ્યું. બાવાજી સમતુલતા ગુમાવી બેઠા પણ ટેવાયેલા મન અને શરીર સાથે તે કાબુ થઇ ગયા. ચાલતા ચાલતા કાવડમાંના લચકાતા લાકડાં સાથે તાલ મિલાવતા તે હાંફી રહ્યા, હવે શરીર ક્યાં સાથ આપે છે ? નહીં તો બબ્બે ખભે બે કાવડ ઊપાડી છે. બાવાજીને પોતાની યુવાની યાદ આવી ગઇ.

ઓટલો ભરાઈ ગયો હતો, રસિકો દિવસો દિવસ વધી રહ્યા હતા તેથી શહેરમાંથી સીમેન્ટના બાંકડા મંગાવી ઓટલો ફરતે હારબંધ ગોઠવી દેવા જોઇએ તો બેસવા માટેની સમસ્યાનો કાયમી અંત આવી જાય એવી વાત ચર્ચાતી હતી.

આકાશમાં સોનાના સિક્કા જેવું સૂર્યનું આથમતું સ્વરૂપ જોઇ કોઇએ ચર્ચાતી વાતચિત્તની પરવા કર્યા વગર કહ્યું, 'રૂપેજો તરા, તેંમેં સોનજો ફુલ.' ઓચિંતી શાંતિ પથરાઇ ગઇ. જેમ આંખના એક પલકારામાં ચિત્રપટ પરનું દશ્ય પલટાય તેમ બધાના મસ્તિકમાં વિચારોના પ્રવાહે વળાંક લઇ લીધું.

અભેસંગે કહ્યું, 'કાના તું જ ફોડ કર વેલો !' ચર્ચાતી વાત પર પડદો પડી ગયો, કાનાએ કંઈ બોલ્યા વગર ખભા ઊંચે કરી 'ના'નો સંકેત કર્યો. એટલે સામતે કહ્યુ કે, 'ઇનજી મર સજી પિઈ આય, જોરીબો ત ઇનકે માઠો લગંધો. પચાણભાઇ ઐં જ સુણાયો !' આમ સામતે શ્લેષાલંકારમા વાત કરી એટલે સહુ હસવા લાગ્યા. પચાણભાઇએ કહ્યું સુણો;

[૧]અરસે [૨]મિંજા [૩]ઉતરઇયું, [૪]ઘડ્યું [૫]લાલ લૉઆર,
[૬]ઑણકે [૭]નં [૮]ઓડિયું [૯]થિઈયું, [૧૦]કીં નં હથોડ઼ જો માર.
[૧૧]જેંકે [૧૨]મઞેતા [૧૩]ડે ધણી, [૧૪]બ્યા જોગી જટાધાર,
[૧૫]ખાસી પિરૂલી 'ખીમરાજ' ચેં, વીર વીચારે ન્યાર.

> [૧]વીતી ગયેલ સમયમાંથી આવી, [૨]માંથી [૩]ઉતરી, [૪]ઘાટ આપ્યો, [૫]લાલિત્યવાચક નામ, [૬]એરણને, [૭]ના, [૮]નજીક, [૯]થયું, [૧૦]સ્હેજપાણ, [૧૧]જેને, [૧૨]માને છે, [૧૩]દેશ, [૧૪]બીજા, [૧૫]ઉત્તમ.

પચાણભાઇએ પિરૂલી પૂરી કરી પણ કોઇ કશું બોલ્યું નહીં, પણ દેવગર બાવાજીએ શાંતિનો ભંગ કરતાં કહ્યું, 'ગાલ કો અગોચર આય.'

'સચા અયોં ગુરુ.' પચાણભાઇએ કહ્યું, 'આ પિરૂલી કચ્છના ધીણોધર ડુંગર સાથે સંકળાયેલ છે. જ્યાં ધોરમનાથજીના બેસણા છે. ધોરમનાથનું કચ્છમાં આગમન વિક્રમની ૮મી સદીના આરંભમા થયું હોવાનું મનાય છે. તેમની કઠોર તપસ્યાનો પ્રભાવ અન્ય ડુંગરો ઝીલી ન શક્યા અને ધીણોધર પણ થરથરવા લાગ્યો એટલે ધોરમનાથે તેને 'ધીરોધર ! ધીરોધર !' એમ કહ્યું તેથી તેનું નામ 'ધીણોધર' પડ્યું. ધીણોધરની પૂર્વ તરફ 'થાન' નામે તેમનું સ્થાનક છે, જે આ પિરૂલીના જવાબ સાથે સંકળાયેલ છે. ત્યાં ગંગા, યમુના, સરસ્વતી અને ગોદાવરી નામક ચાર દેગો (મોટું વાસણ) છે. જે આ પિરૂલીનો જવાબ છે. કહેવાય છે કે આકાશ માર્ગે આ દેગો વિચરી રહી હતી ત્યારે ધોરમનાથે તપોબળથી નીચે ઉતારી લીધી અને તેના ઢાંકણાઓ જવા દીધાં. દરેક દેગમા એકેક ખાંડી (૨૦ મણ જેટલું માપ) જેટલું અનાજ રાંધી શકાય તેટલી તે મોટી છે. ક્યારેક અહીં આ ચારે દેગોમાં અનાજ રંધાતું અને ઘોડેસ્વાર બધે ફરી સાદ પાડતો કે 'ચોર-ચકાર જે હોય તે ખાવાનું લઈ જાય.' આ દીવાલના ગોખલામાંથી અપાતું તેથી લેનાર અને આપનાર એકબીજાનું મોઢું જોઇ શકતા નહીં.

આ આખી વાતને આ પિરૂલીમા વણી લેવામાં આવી છે. એટલે જ લોકકવિ કહે છે કે, 'અરસે મિંજા ઉતર્યું' આકાશથી ઉતરી, ને 'ઘડ્યું લાલ લુહાર' ઈશ્વરે તેને બનાવ્યાનું નિર્દેશ છે. જ્યારે બીજી પંક્તિમાં એમ કહે છે કે લુહારે બનાવી પણ એરણની બાજુમા ગઈ નથી તેથી હથોડાનો માર પણ સહ્યો નથી.

'જેંકે મઞેતા ડે ધણી' એટલે કે દેશના ધણી (રાજા-મહારાજા) માન આપે છે અને મોટી જટાવાળા યોગીઓ પણ, કેમ કે આ દેગો શક્તિનું પ્રતિક છે અને તેમાં રંધાતું અનાજ પણ શક્તિ પ્રદાન કરે છે. આમ થોડા શબ્દોમાં વિશાળ અર્થ પ્રગટ્યું છે. ખીમરાજ નામક કવિની રચના છે. તે પિરૂલી-સર્જક સમુદાયના શિરમોર રહ્યાં છે એ આ પિરૂલીથી સાબિત થાય છે.

કાનો ચૂપચાપ બેઠો હતો, મમુના મનમાં એ વાત ગૂલાંટીઓ મારી રહી હતી કે, 'મારી પિરૂલીનો કોણ જવાબ આપે છે ?' આ વાત અભેસંગ પામી ગયા હોય તેમ એમણે કહ્યું, 'કાના તો વારી પિરૂલીજી ફોડ઼ કર વેલો ! કાલ પર રાખશું તો બબો મોંઘીભાભીને પૂછી આવશે અને કહેશે કે, 'મને આવડે છે. મેં ભાંગી.'

આ વાતચિત્ત વચ્ચે જ સામતે કહ્યું કે, 'હૂનજી પિરૂલી તાં વેલી જુરી પિઇ' સૂર્યનારાયણ ક્યારનાય ક્ષિતિજમાં સમાઇ ગયા છે અને પિરૂલીનો જવાબ 'સૂર્ય' છે.

લોકકવિએ આભને રૂપાળો તળાવ કહ્યો છે અને સૂર્યને સોનાના ફૂલ. આમ અહીં રૂપકાલંકાર સુપેરે વપરાયો છે. બધા શાંતિથી સાંભળી રહ્યાં હતાં.

ખીચોખીચ ભરેલા ઓટલાની વચ્ચે બેઠેલો મમુ ઊઠ્યો એટલે જવાની જગ્યા માટે બધા આડા સાંકળા-મોકળા થવા લાગ્યા. સામતે કહ્યું, 'પેલેનું જ છેલે વેજે, મિણીં કે હેરાણ વિઠો કઇયેં.' પણ મમુએ કંઇ ધ્યાનમાં લીધું નહી.

એ પછી તો બધે થાય છે તેમ એક વ્યક્તિએ ઊઠવાની પહેલ કરી એટલે બધા ઊઠવા માંડે, તેમ ઓટલા પરથી સહુ ઊઠવા લાગ્યા અને છેલ્લે પચાણભાઈ અને અભેસંગ પણ ઊઠ્યા. દેવગર બાવાજી પણ 'જય ગિરનારી' કહેતા જવા લાગ્યા.

પુસ્તક 'પિરૂલી પ્રધાનજી-૨'માંથી સાભાર

## કચ્છી મુકતક

કવિ-'તેજ'

**કવિના પુસ્તક 'તેજ જો અવાજ -૨' માંથી**

નિત સરસતી માંકે સમરીજે,
ચિતમેં ચડધે પોર,
'તેજ' ઘટ અંતર આનંધ વધે,
વધે બુધીમેં જોર.

**કચ્છી ચોવક - ૪૫**

અરવીંદ રાજગોર (મો: ૯૯૮૭૯૬૫૭૯૮)





### ખાધે ખજાના ખુટી વિઞે

અજ ડાડાજી કે પુતરા ચ્યોં અજ એડ઼ી કોય ચૉવક સુણાયો જુકો જીયણ મેં જાધ રખે જેડ઼ી હૂવે.
ડાડાજી ચ્યોં કચ્છી મેં ચૉવક આય ઇનજી ગાલ આંકે સુણાંઈયાં માડુ જી કાયા હલંધી વે ત કડેં માડુ કે નિવરો નં વિઠો ખપે હડ હલેં તેં સંઈ કમ ક્યો જ ખપે માડુ વિઠે વિઠે ખાય પ્યો ત માડુ જા ખજાના ભરલ હૂંવેં સે પણ ખુટી વિઞે.
ઇતરે કચ્છી જી હી ચૉવક ઈ સમજાયતી ક માડુ કે કડેં પણ વિઠો નં ખપે કીં ક નેં કીંક પિરવરતી કઈ જ ખપે. ઈ ચૉવક આય
"ખાધે ખજાના ખુટી વિઞે".

**अज जी चोवक - ४७**

### हिकड़ा कमाईंधे कडूआ, ब्या विठे प मिठा

:: ભાવાર્થ ::

**એક વ્યક્તિ એવી હોય કે કમાતી હોય
પણ સ્નેહ ન હોય,
જયારે બીજી વ્યક્તિ ઝાઝું કમાતો ન હોય
પણ સ્નેહ સભર હોય,
એની હાજરી વ્હાલી લાગે.
સ્થૂળ પૈસાનો નહીં પણ આંતરિક લાગણીનો
મોલ આંકતી લોકવાણી.**

:: શબ્દાર્થ ::

कडूआ : કડવા    विठे : બેઠાં, નિષ્ક્રિય

-: સંકલન :-

ડૉ. વિશન નાગડા તથા લક્ષ્મીચંદ ગોગરી

અજ જી ચોવક - ૪૭

ડૉ. વિસન નાગડા
(મો: ૯૮૨૦૪૫૬૮૯૯)

## શું તમે જાણો છો ?

# ભારતની મિસાઈલ લેડી ડૉ. ટેસી થોમસ




ભાલે કુંકુ પર ચંદનનું તિલક. જાગૃત અને સમજદાર બધે ફરતી આંખો. ગોળાકાર ચહેરા પર કાયમી રહસ્યમય સ્મિત ! મધ્યમ બાંધો થોડીક વધુ ઘઉંવર્ણી કાયા. આ એક મલયાલી મહિલા ૧૪૨ કરોડ ચીનીઓના હૃદયને ડરાવવા સક્ષમ છે !

આ છે આપણાં ભારતના ડૉ. ટેસી થોમસ, 'મિશન અગ્નિ-૫ મિસાઇલ'ના પ્રોગ્રામ ડિરેક્ટર. મિસાઇલ ટેક્નોલોજીમાં ૯૯.૯૯ ચોકસાઇ સાથે ચીનના આંતરીયાળ સુધીના કોઇપણ ભાગમાં ઊંડા અને ચોક્કસ પ્રહાર કરવા સક્ષમ એવી ભારતની મિસાઇલ અગ્નિ-૫ છે.

આ મિસાઈલ પ્રોજેક્ટના ડાયરેક્ટરનું પદ સંભાળનાર તે પ્રથમ મહિલા છે. ઇન્ટરકોન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઇલ અગ્નિ-૫ ચીન સુધી ગમે ત્યાં પરમાણુ હુમલો કરવા માટે સક્ષમ છે અને હવે તે બધા ટેસ્ટ પાસ કરીને એકદમ તૈયાર છે. આ એક એવું શસ્ત્ર છે જે ચીનને કોઇપણ ભારતીય ક્ષેત્રમાં પ્રવેશ કરતા પહેલા બે વાર વિચારવા મજબૂર કરશે.

ડૉ. ટેસી થોમસ ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય હેઠળના સંરક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થાના મુખ્ય વૈજ્ઞાનિક અને નિયામક છે. તેઓ ૧૯૮૮માં ડિફેન્સ રિસર્ચ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (ઉઈઉઘ) માં જોડાયા હતા. અગ્નિ-૫ મિશનના પૂર્ણ-સમયના નિર્દેશક તરીકે બઢતી પહેલાં તેઓ અગ્નિ-૩ મિસાઇલ અને અગ્નિ-૪ મિસાઇલ વિકસાવનાર ટીમના એક ભાગ તરીકે અનુભવ લઇ ચૂક્યા છે.

ભારતની પોતાની 'અગ્નિ-૫' ને અનેક શુભેચ્છાઓ, આવી અસાધારણ પરાક્રમ કરી રહેલી એક મહિલા જે પોતે ઍરોસ્પેસ એન્જીનીયર છે. આ બધાને કારણે, ડો. ટેસી થોમસ ભારતની 'મિસાઇલ વુમન' તરીકે ઓળખાય છે. આ અગાઉ તેઓ ડિફેન્સ રિસર્ચ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (ઉઈઉઘ)માં જ એરોનોટીકલ સીસ્ટમના ડાયરેક્ટર જનરલ પણ રહી ચૂક્યા છે.

કવોરા પર રાજેન્દ્ર મ્હાત્રે

વડોદરાના કચ્છીઓનું
સમાજ-દર્શન
બે વર્ષની સાહિત્યીક સફર...
આગામી અંક : કવિતા વિશેષાંક
કચ્છી કવિઓને તેમની ગમતી સ્વલિખિત રચનાઓ મોકલવા સ્નેહભર્યું આમંત્રણ છે...
આપના સહકારની અપેક્ષા છે.

## જાણો ને અપનાવો...

# ગેસ, એસીડીટી, ખાટા ઓડકાર...



ગેસ, એસીડીટી, ખાટા ઓડકારથી પરેશાન છો તો અજમાવો આ ૧૦ ઘરેલૂ ઉપાય

આમ તો પેટમાં રહેલ વધારાની ગેસને બહાર કાઢવા માટે ઓડકાર આવવો એક સ્વભાવિક પ્રક્રિયા છે. પણ જરૂર કરતા વધાર ઓડકાર આવવા, ખાસ કરીને ખાટા ઓડકાર પરેશાન કરી નાખે છે. ઘણી વાર તેના કારણે આપણને લોકોની સામે શરમ પણ લાગે છે. હવે તમને જ્યારે પણ ઓડકાર આવે તો તેનાથી છુટકારો મેળવવા માટે અજમાવો આ ૧૦ ઘરેલૂ ઉપાયો

૧. ઇલાયચી ખાવાથી પેટમાં ડાઈજેસ્ટિવ જ્યુસ જલ્દી બને છે. જેના કારણે પેટમાં ગેસ બનતો હોય છે. સાથે જ ઈલાયચીના સેવનથી પેટનો ફૂલવુ પણ ઓછું થતું હોય છે. પેટની ગેસ અને ઓડકારથી રાહત મેળવવા માટે દરરોજ દિવસમાં ૩ વાર ઇલાયચીના ૧-૨ દાણા ચાવો.

૨. ભોજન પછી અડધી ચમચી શેકેલી વરિયાળી ચાવવી તેનાથી વારંવારં આવતી ઓડકારથી રાહત મળે છે. વરિયાળી ખાવવાથી પેટના ગેસ અને ઓડકારમાં રાહત મળે છે. વરિયાળી પાચન તંત્રને રાહત આપવાની સાથે સાથે પેટના ફૂલવા, ખરાબ હાજમા, ગળામાં બળતરા જેવી અનેક અણગમતી સમસ્યાઓથી છુટકારો અપાવે છે.

૩. પેટમાં ઘણીવાર ખૂબજ અપચો કે ગેસ જેવું થાય તો રૂને પાણીમાં ભીનું કરી તેમાં હીંગના પાઉડરને લઇ નાભિ પર રાખવું. તેનાથી પેટનો ગેસ નીકળી જાય છે અને પેટના દુઃખાવાની ફરીયાદ પણ ઠીક થઇ જશે. આ નુસખો નાના બાળક પર ખૂબ જ અસર કરે છે.

૪. પેટમાં ગેસ, એસીડીટી, ખાટી ઓડકાર વગેરે દરરોજની સમસ્યા હોય તો સંતરાના રસમાં થોડો શેકેલુ જીરું અને સિંધાલૂણ નાખી પીવાથી આ પીડાથી તમને જલ્દી રાહત મળશે.

૫. દરરોજ ભોજનમાં દહીં કે છાશ સામેલ કરવું. તેનાથી પેટમાં ગેસ અને ખાટા ઓડકારથી રાહત મળે છે. જો તમારો ખોરાકમાં ઘી-તેલ કે મસાલાઓ વધારે વપરાતા હોય તો તેના માટે આ એક અકસીર ઉપાય છે.

૬. કેમોમાઈલ ટી પીવાથી પેટમાં ગેસ નહીં બને, સાથે જ તેના સેવનથી ઓડકાર, પેટના દુઃખાવા જેવી સમસ્યાઓથી પણ રાહત મળે છે. જો વધારે ઓડકારઆવી રહયા હોય તો તમે દિવસમાં ૨-૩ કપ કેમોમાઈલ ટી પી શકો છો.

૭.ક્યારેક વધારે ખાવાથી પેટમા ગેસ થાય તો એક ચમચી અજમામાં ૧/૪ ચમચી લીંબૂનો રસ મિક્સ કરી ચાટવું. તેનાથી ગેસ તરત શાંત થશે અને ઓડકારથી પણ રાહત મળશે.

૮. જો લાંબા સમયથી એસિડીટીથી પરેશાન છો તો સવારે બે કેળા ખાઇને સાથે એક કપ દૂધ પીવો. આવું નિયમિત રૂપે કરવાથી થોડા જ દિવસોમાં એસિડીટીથી રાહત મળી જશે.

૯. એસિડીટી અને ગેસની તકલીફમાં ચોકર સાથે રોટલી ખાવાથી ફાયદો ઘણો હોય છે.

૧૦. ભોજન પછી દૂધની સાથે બે મોટી ચમચી ઈસબગોલ લેવાથી એસિડીટીમાં લાભ મળે છે.

(નોંધ: આ લેખ ફક્ત માહિતીના હેતુ માટે છે અને વ્યવસાયિક તબીબી સલાહનો વિકલ્પ નથી.)

'વીણેલાં ફૂલની ફોરમ' ના લેખક એટલે કે 'હરિશ્ચંદ્ર' એટલે કે બે સ્ત્રીઓ - ચંદ્રકાન્તા અને હરવિલાસ. બન્ને વિનોબાજીની શિષ્યાઓ તથા ભારતભરના લેખકોની સુંદર વાર્તાઓના ગુજરાતી અનુવાદ કરીને પ્રકાશિત કરનારી. આ વાર્તાઓને આપણા સુધી પહોંચાડનાર એટલે વર્ડપ્રેસના બ્લોગર અતુલ જાની (આગંતુક)ના પણ આપણે ખૂબ આભાર છીએ.

'વીણેલાં ફૂલની ફોરમ'
લેખક-હરિશ્ચંદ્ર

# શ્રદ્ધાનો નાતો

'તમને બીજો કપ ચા બનાવી દઉં ?'ચારુએ સોફા પર પગ ઊંચા લઇને બેઠેલા ડોસાને એ ભાવથી પૂછ્યું કે હવે જવાનો ખ્યાલ આવે. અનિલ આવશે તો એને બિલકુલ નહીં ગમે.

'નહીં, બેટી ! બે વખતથી વધારે ચા હું નથી પીતો. સાંજની ચા તો તેં સરસ બનાવેલી.'

એટલામાં બિટ્ટુ સ્કૂલેથી આવી ગયો. 'અહીં આવ, બેટા !' ડોસાએ એને વહાલથી પોતાની પાસે બોલાવ્યો.

'બરાબર અનિલ જેવો જ આ તો દેખાય છે, બેટી ! સાત વરસનો અનિલ આવો જ હતો.' કહી ડોસાએ એને ખોળામાં લઇ ચૂમ્યો. 'જો, આ કેરી તારા માટે લાવ્યો છું ને, તે આંબો તારા પપ્પાએ રોપેલો. ત્યારે એ તારા જેવડા જ હતા.'

ચારુના હૃદયના ધબકારા વધી રહ્યા હતા. અનિલનો આવવાનો સમય નજીક ને નજીક આવી રહ્યો હતો. એને થયું, 'આ ડોસાને મેં ઘર-પ્રવેશ ક્યાં આપ્યો ?'

'અનિલ ગાંગુલીનું ઘર આ જ ને ?'

'હા, પણ એ તો ઑફિસે છે. તમારે એમનું શું કામ છે ?'

'કામ ખાસ કાંઇ નથી. એમ જ ચાલી આવ્યો છું. બહુ દૂરથી આવ્યો છું, બેટી ! તું અનિલની પત્ની છે ને ? અનિલે તને એના જીવનની વિતેલી વાતો કહી જ હશે.'

ચારુના મગજમાં એકદમ ચમકારો થયો. 'તમે માલદાથી તો નથી આવ્યા?'

'તેં બરાબર ઓળખી કાઢ્યો, બેટી ! હું દેવેન્દ્ર ઠાકુર. મરતાં પહેલાં અનિલનો કિલ્લોલતો પરિવાર જોવાની બહુ ઇચ્છા હતી. એટલે ચાલ્યો આવ્યો.'

ચારુનું મન થોડું ખિન્ન થઇ ગયું. અનિલ સાથેનો એમનો જનમનો નાતો તો ક્યારનોય તૂટી ગયો છે. આજે આટલાં વરસે ફરી કડવા ભૂતકાળની યાદ અપાવવા આ ડોસા શા માટે આવ્યા છે ? તે સ્મરણોના કાંટા ફરી અનિલને ભોંકાય એમ એ નહોતી ઇચ્છતી.

માલદાનું બહુ ઓછું અનિલને યાદ હતું. માત્ર એટલું યાદ હતું કે એ સાત વરસનો હતો ત્યારે મા સાથે કલકત્તા આવી ગયો હતો. ત્યાં સ્કૂલમાં દાખલ કર્યો, ત્યારે એને ખબર પડી કે એના પિતા બદલાઇ ચૂક્યા છે, અને એ ઠાકુરમાંથી ગાંગુલી બની ગયો છે. હવે માલદાનો ભૂતકાળ ઉખેડવાથી અનિલને બહુ ઉદ્વેગ થતો.

છ-એક મહિના પહેલાં અનિલ એક દિવસ ઘરે આવ્યો ત્યારે બહુ જ ખિન્ન હતો. 'આજે અકસ્માત એક ડોસા મળી ગયા. કહે કે હું તારે બાપ છું.' અને પછી અનિલે બધી વાત કરેલી.

'જેમનું કશુંયે મને યાદ નથી, એ આટલાં વરસે આવીને શું કામ મને યાદ દેવડાવવા માગે છે કે જેમને મેં બાપ માનેલા, જેમણે મા લાલન-પાલન કર્યું, મને ભણાવ્યો ગણાવ્યો, તે મારા ખરા બાપ નહોતા ? અનિલના હૈયામાં ઘમસાણ મચી ગયું હતું.

આજે ફરી અનિલ આવા તણાવમાંથી પસાર થાય, એમ ચારુ નહોતી ઇચ્છતી. એટલે જ અનિલ આવે તે પહેલાં ડોસાને વિદાય કરવા એ તલપાપડ હતી.

'એક બહુ જરૂરી વાત કરવી છે, વહુ !'

'વહુ'નું સંબોધન ચારુને ખૂંચ્યું. આટલા ભૂતકાળના માત્ર સાત વરસના સંબંધે વહુ કહેવાનો અધિકાર એમને ક્યાંથી મળી ગયો ?

ડોસાએ પોતાની થેલીમાંથી એક સોનાની ડબ્બી કાઢી. 'વહુ, અમારા કુળની આ શુકનવંતી સિંદુરની ડબ્બી છે. કોને ખબર, કેટલી પેઢીથી ચાલી આવે છે ! મારી પરદાદીએ મારી દાદીને અને દાદીએ મારી માને આપેલી. મારી માએ તારી સાસુને આપેલી, પણ એ તો મૂકીને ચાલી ગઇ. આજે તને સોંપવા આવ્યો છું.'

'નહીં, નહીં. હું નહીં રાખી શકુ. તમે પાછી લઇ જાઓ.' કહેતાં ચારુ બે ડગલાં પાછી હઠી ગઇ.

'વહુ, આ રાખી લે ! અમારી કૂળવધૂઓના સૌભાગ્યની રક્ષા કરતી આ શુકનવંતી થાપણ છે. વહુ, ખોટું ન લગાડતી. પણ તમે ભણેલા માણસો કોઇ વાતમાં શ્રદ્ધા કેમ નથી રાખી શકતા ?'

ચારુએ પહેલી વાર ડોસા તરફ કાંઇક સન્માનથી જોયું. એમની આંખોમાંથી નર્યો ગ્લાનિ મિશ્રિત પ્રેમ નીતરતો હતો. 'અમુક શ્રદ્ધા ખાતર આટલી ઉંમરે આટલે દૂરથી આવ્યા હતા ! કયા નાતે ?' ચારુનું મન પીગળી રહ્યું હતું.

'વહુ ! મરેલાની નિંદા શું કરવી ? પણ અનિલની મા તદ્દન નાસ્તિક હતી. આજકાલની ફેશનમાં આવી ગયેલી. ખરું કહું, વહુ? એને તો અનિલ પણ નહોતો જોઈતો. અમારા લગ્નના એકાદ વરસમાં જ એને ગર્ભ રહ્યો. એને છોકરું નહોતું જોઇતું. એને ગર્ભપાત કરાવી નાખવો હતો. પણ હું મક્કમ રહ્યો. મેં કહ્યું, તારે બાળકને જન્મ આપવો જ પડશે. હું બહુ ભણેલો નથી, પણ એટલું સમજું છું કે આવી રીતે જીવનને ટૂંપો દેવાનો અધિકાર કોઇને નથી. વહુ તું નાસ્તિક ન થતી.'

ચારુના હાથમાં ડબ્બી મૂકતાં ડોસાની આંખ ભીની થઇ ગઇ હતી. હાથમાં છત્રી લઇને ડોસા જોડા પહેરી રહ્યા હતા, ત્યારે ચારુ ભાવપૂર્વક એમનો ચરણસ્પર્શ કરવા ઝૂકી પડી.

(શ્રી સુનીલ દાસની બંગાળી વાર્તાને આધારે)

# દસ રૂપિયા

મુંબઇમાં તે દિવસે ભારે વરસાદ પડી રહ્યો હતો. ટ્રાફિક જામ અને ભીડથી આખું શહેર થાકી ગયું હતું. હું તે સમયે ૪૦ વર્ષનો હતો અને એક ખાનગી બેંકમાં કામ કરતો હતો. મારી પત્ની નીલિમા અને બે બાળકો - આદિત્ય અને સ્વાતિ સાથે જીવન સ્થિર ગતિએ આગળ વધી રહ્યું હતું.

તે દિવસે, હું ઓફિસમાંથી થોડો મોડો નીકળ્યો. મારી સાથે છત્રી હતી, પરંતુ જ્યારે હું બસસ્ટોપ પર પહોંચ્યો ભીંજાઇ ગયો હતો. ત્યાં મેં એક ૧૭-૧૮ વર્ષના છોકરાને જોયો. પ્લાસ્ટિક્ની બેગમાં પુસ્તકો સાચવતો ઉભો હતો. મોં પર ગભરાટ ને લાચારી હતી. ત્યાંથી પસાર થતા લોકોને કંઇક કહેવાનો પ્રયાસ કરતો પણ લોકો તેની અવગણના કરી આગળ વધતા. હું પણ તેમ જ કરવા જતો હતો પણ કોઇ કારણસર, મારા પગલાં અટકી ગયા.

'શું થયું, દીકરા ?' મેં પૂછ્યું.

તે અચકાયો, 'સાહેબ, મારે બસમાં ચઢવાનું છે. કાલે એન્જિનિયરિંગ કોલેજ માટે ઇન્ટરવ્યૂ છે. પણ મારા ખિસ્સામાં પૈસા નથી. ટિકિટ માટે મને પાંચ રૂપિયાની જરૂર છે.'

મેં તેની આંખોમાં જોયું. કોઇ છેતરપિંડી નહોતી, ફક્ત લાચારી હતી. મેં મારા દસ રૂપિયાની નોટ કાઢીને તેને આપી. 'આ લે અને બાકીના પાછા ફરવા માટે રાખ.'

તેની આંખો ચમકી ગઇ. તેણે મને તેના ભીના પુસ્તકો બતાવ્યા, 'સાહેબ, હું ભણું છું. મારા પિતા રિક્ષા ચલાવે છે, પણ અમારી આર્થિક સ્થિતિ ખૂબ જ ખરાબ છે.'

મેં હળવું સ્મિત કર્યું અને તેના ખભા પર હાથ મૂક્યો, 'બસ, મહેનત કરતા રહો, તે જ પૂરતું છે.' છોકરો વરસાદના અવાજમાં ભીંજાઇને બસમાં ચઢ્યો અને હું ઘરે પાછો ફર્યો.

જીવનના ઘસારાએ તે ઘટનાને ઘણી પાછળ ધકેલી દીધી. બાળકો મોટા થઇ ગયા, ખર્ચા વધી ગયા. હું નિવૃત્તિની નજીક હતો. મારા બાળકોના શિક્ષણ અને લગ્ન, બંનેની જવાબદારી ફક્ત મારા ખભા પર આવી ગઇ હતી. નિવૃત્તિના લગભગ એક વર્ષ પછી, પોસ્ટમાં એક વાદળી પરબિડીયું આવ્યું તેના પર લખેલું હતું: 'આભારી વિદ્યાર્થી, અરવિંદ.' મેં પરબિડીયું ખોલ્યું. અંદર એક પત્ર અને બેંક ડ્રાફ્ટ હતો.

પત્રમાં લખ્યું હતું:

'આદરણીય સાહેબ,

તમે કદાચ મને ભૂલી ગયા હશો. ૧૯૯૮માં એક વરસાદી સાંજે, તમે મને બસ ટિકિટ ખરીદવા માટે દસ રૂપિયા આપ્યા હતા. તે જ ટિકિટ મને મારા એન્જિનિયરિંગ પ્રવાસની શરૂઆત કરનાર ઇન્ટરવ્યુમાં લઇ ગઇ. આજે, હું અમેરિકાની એક મોટી ટેક કંપનીમાં કામ કરું છું. તમારી નાની મદદ મારા માટે જીવન બદલી નાખનારી હતી. આ પૈસા તમારી પુત્રી સ્વાતિના શિક્ષણ માટે છે. કૃપા કરીને તેને આશીર્વાદ તરીકે સ્વીકારજો. તમારો, અરવિંદ.'

મેં પત્ર તરફ થોડી મિનિટો સુધી જોયું. મારી આંખોમાં આંસુ આવી ગયા. દસ રૂપિયા... અને આટલું મોટું ઇનામ ?

થોડા મહિના પછી, અમારા ઘરની બહાર એક વૈભવી કાર આવી. દરવાજો ખુલ્યો અને એક સુંદર યુવાન બહાર નીકળ્યો. તેની સાથે તેની પત્ની અને નાનો દીકરો પણ હતો.

તેણે ઝૂકીને કહ્યું, 'સાહેબ, હું અરવિંદ છું. એ જ વ્યક્તિ જેના માટે તમે એક સમયે બસ ટિકિટ ખરીદી હતી.'

હું અવાચક થઇ ગયો. મેં તેને ગળે લગાવ્યો. નીલિમા અને બાળકો પણ ભાવુક થઇ ગયા. તે દિવસે મને સમજાયું કે દુનિયાની સૌથી મોટી સંપત્તિ પૈસા નથી, પણ માનવતા છે...!!!

- અજ્ઞાત